“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ”

રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 202 | AD - 2025, Chaitra Vad-14 | Sunday, Dt.27-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ભારત સરકારના વિવિધ વિભાગોમાં યુવાનો માટે નવી જવાબદારીઓ શરૂ થઈ છે : મોદી

# પ્રધાનમંત્રી મોદીએ ૫૧ હજારથી વધુ યુવાનોને રોજગાર પત્ર સોંપ્યા

નવીદિલ્હી, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'રોજગાર મેળા' હેઠળ ૫૧ હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે, યુવાનોને સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ યુવા શક્તિની પ્રશંસા કરી અને કહ્યું કે આજે ભારતના યુવાનો પોતાની મહેનત અને નવીનતા દ્વારા દુનિયાને બતાવી રહ્યા છે કે આપણી પાસે કેટલી ક્ષમતા છે. પોતાના સંબોધનમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં ૫૧ હજારથી વધુ યુવાનોને કાયમી સરકારી નોકરીના પત્રો આપવામાં આવ્યા છે. આજે ભારત સરકારના વિવિધ વિભાગોમાં યુવાનો માટે નવી જવાબદારીઓ શરૂ થઈ છે. તમારી જવાબદારી દેશની આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવવાની છે, તમારી જવાબદારી દેશની આંતરિક સુરક્ષાને મજબૂત બનાવવાની છે, તમારી જવાબદારી દેશમાં આધુનિક માળખાગત સુવિધાઓ બનાવવાની છે, તમારી જવાબદારી કામદારોના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવવાની છે. તેમણે કહ્યું કે જ્યારે યુવાનો રાષ્ટ્ર નિર્માણમાં ભાગ લે છે, ત્યારે રાષ્ટ્રનો પણ ઝડપથી વિકાસ થાય છે અને વિશ્વમાં પોતાની છાપ છોડી દે છે. આજે, ભારતના યુવાનો પોતાની મહેનત અને નવીનતા દ્વારા દુનિયાને બતાવી રહ્યા છે કે આપણી પાસે કેટલી ક્ષમતા છે. અમારી સરકાર દરેક પગલા પર ખાતરી કરી રહી છે કે દેશના યુવાનો માટે રોજગાર અને સ્વરોજગારની તકો વધે. આજનો સમય ભારતના યુવાનો માટે અભૂતપૂર્વ તકોનો સમય છે. આઈએમએફે તાજેતરમાં કહ્યું છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી



વિકસતી અર્થવ્યવસ્થા રહેશે. પીએમ મોદીએ કહ્યું કે આ બજેટમાં સરકારે મેન્યુફેક્ચરિંગ મિશનની જાહેરાત કરી છે. તેનો ઉદ્દેશ્ય 'મેક ઈન ઈન્ડિયા'ને પ્રોત્સાહન આપવાનો અને ભારતના યુવાનોને વૈશ્વિક ધોરણોના ઉત્પાદનો બનાવવાની તક આપવાનો છે. આનાથી દેશના લાખો એમએસએમઈ, આપણા નાના ઉદ્યોગસાહસિકોને તો પ્રોત્સાહન મળશે જ, સાથે સાથે દેશભરમાં રોજગારની નવી તકો પણ ખુલશે. પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે દેશમાં યુવાનો માટે નવી તકોનું સર્જન થઈ રહ્યું છે. વર્લ્ડ ઑડિયોવિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેવ્સ) ૨૦૨૫ થોડા દિવસોમાં આયોજિત થવા જઈ રહી છે. દેશના યુવાનો પણ આ કાર્યક્રમના કેન્દ્રમાં છે. દેશના યુવા સર્જકોને પહેલી વાર આવું પ્લેટફોર્મ મળી રહ્યું છે. પોતાના સંબોધનમાં દેશની દીકરીઓની પ્રશંસા કરતા પીએમ મોદીએ કહ્યું કે ભારત આજે જે રેકોર્ડ બનાવી રહ્યું છે તેમાં દરેક વર્ગની ભાગીદારી વધી રહી છે અને આપણી દીકરીઓ બે ડગલાં આગળ વધી રહી છે. આપણી મહિલાશક્તિ નોકરશાહી, અવકાશ અને વિજ્ઞાનના ક્ષેત્રોમાં નવી ઊંચાઈઓ સ્પર્શી રહી છે. સરકાર ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ પર પણ ખાસ ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારતની દીકરીઓ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહી છે. યુપીએસસી પરિણામોમાં, બે મહિલાઓએ ટોચના બે સ્થાન મેળવ્યા છે, જ્યારે ત્રણ મહિલાઓ ટોચના પાંચમાં છે. નોકરશાહી, અવકાશ અને વિજ્ઞાનના ક્ષેત્રોમાં મહિલાશક્તિ નવી ઊંચાઈઓને સ્પર્શી રહી છે. પ્રધાનમંત્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે સરકાર ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ પર વિશેષ ધ્યાન આપી રહી છે, બેંક સખી, કૃષિ સખી અને સ્વ-સહાય જૂથો જેવી પહેલ દ્વારા નવી તકો પૂરી પાડવામાં આવી રહી છે. આજે ભારતમાં ૯૦ લાખથી વધુ સ્વ-સહાય જૂથો છે, જેની સાથે ૧૦ કરોડથી વધુ મહિલા સભ્યો સંકળાયેલા છે. તેમની ક્ષમતા વધારવા માટે, સરકારે તેમના બજેટમાં પાંચ ગણો વધારો કર્યો છે અને કોઈપણ ગેરંટી વિના રૂ. ૨૦ લાખ સુધીની લોન આપી છે.

# પાકિસ્તાને સતત બીજા દિવસે સીઝફાયરનો ભંગ કરી ગોળીબાર કરતા ભારતનો જડબાતોડ જવાબ

નવીદિલ્હી, તા.૨૬

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતના કડક વલણથી પાકિસ્તાન હચમચી ગયું છે. પાકિસ્તાની સેનાએ સતત બીજા દિવસે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. માહિતી અનુસાર, જમ્મુ-કાશ્મીરના ગુરેઝ અને તંગધાર સેક્ટરમાં આખી રાત ગોળીબાર થયો હતો. ભારતીય સેનાએ પણ ગોળીબારનો યોગ્ય જવાબ આપ્યો છે. ખરેખર, પાકિસ્તાન ડરના કારણે આખી રાત ગોળીબાર કરી રહ્યું છે. તેને ડર છે કે ભારતીય સેના સરહદ



પાર કરી શકે છે. ભારતીય સેનાએ જણાવ્યું છે કે ૨૫-૨૬ એપ્રિલ ૨૦૨૫ ની રાત્રે, કાશ્મીરમાં નિયંત્રણ રેખા પાર પાકિસ્તાની સેનાની અનેક ચોકીઓ દ્વારા કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કરવામાં આવ્યો હતો. ભારતીય સૈનિકોએ નાના હથિયારોથી યોગ્ય જવાબ આપ્યો હતો. ગોળીબારમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. અગાઉ, પાકિસ્તાની સેનાએ ગુરુવાર-શુક્રવાર રાત્રે નિયંત્રણ રેખા પર અનેક ચોકીઓ પરથી ગોળીબાર કરીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. ભારતીય સેનાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતીય સેનાએ પણ વળતો જવાબ આપ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા પર કેટલાક સ્થળોએ નાના હથિયારોથી ગોળીબાર શરૂ કર્યો હતો. ભારતીય સેનાએ અસરકારક રીતે જવાબ આપ્યો હતો. તમને જણાવી દઈએ કે ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે.

# ભારતના હુમલાના ડરથી પાકિસ્તાન વધુ ગભરાયું, રાજસ્થાન સરહદ નજીક વધુ સૈનિકો તૈનાત કર્યા

જયપુર, તા.૨૬

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. આ દરમિયાન, રાજસ્થાનને અડીને આવેલી ભારત-પાકિસ્તાન સરહદ પરથી મોટા સમાચાર આવી રહ્યા છે. ભારત તરફથી સંભવિત હુમલાના ડરથી, પાકિસ્તાને સરહદ નજીક પોતાના દળો વધારી દીધા છે. પાકિસ્તાની સેનાએ **BSF**ની ગતિવિધિઓ પર નજર રાખવા માટે સરહદ પર નવા કેમેરા લગાવ્યા છે. પાકિસ્તાને સરહદ પર દેખરેખની પ્રવૃત્તિમાં ઘણો વધારો કર્યો છે. માહિતી અનુસાર, સરહદ પર પાકિસ્તાની સેનાની ગતિવિધિ વધી ગઈ છે. રાજસ્થાનને અડીને આવેલી પાકિસ્તાન સરહદ નજીક ટેન્ક અને તોપો જોવા મળી રહી છે.



પાકિસ્તાને તેની સેના, નૌકાદળ અને વાયુસેનાને એલર્ટ પર રાખી દીધી છે. પાકિસ્તાને પોતાના ફાઈટર પ્લેન પણ સક્રિય કર્યા છે. પાકિસ્તાન ભારતના હુમલાના ડરથી ગભરાયું છે. તેમણે પોતાની તૈયારીઓ તેજ કરી દીધી છે. સિંધમાં મોટી સંખ્યામાં દળોને છુપાયેલા રાખવામાં આવ્યા છે. મોટાભાગનું નવું બાંધકામ સિંધમાં થયું છે. બીજી તરફ, બહાવલપુરમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલયમાં પણ ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. ભારત તરફથી હુમલાના ભયને કારણે જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલયની સુરક્ષા વધારી દેવામાં આવી છે. તે જ સમયે, પાકિસ્તાની નાગરિકોને ભારતમાંથી બહાર કાઢવાની ઝુંબેશ પણ તેજ થઈ ગઈ છે. વાઘા-અટારી બોર્ડર પર આ સમયે વાહનોની કતારો લાગેલી છે. આજે, અટારી-વાઘા બોર્ડર પર ભારત અને પાકિસ્તાન ઈમિગ્રેશન તરફથી મંજૂરી મળ્યા બાદ ૧૯૧ પાકિસ્તાનીઓ ભારતમાંથી પાકિસ્તાન પરત ફર્યા છે જ્યારે ૨૮૭ ભારતીયો પાકિસ્તાનથી ભારત પરત ફર્યા છે.




# પહેલગામ હુમલાનો નવો વીડિયો સામે આવ્યો, 'હરામીઓ' પ્રવાસીઓ પર ગોળીબાર કરતા દેખાયા

નવીદિલ્હી, તા.૨૬

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો એક નવો વીડિયો સામે આવ્યો છે જેમાં આતંકવાદી એક પ્રવાસીને ગોળી મારતો જોવા મળી રહ્યો છે. ૨૨ એપ્રિલના રોજ પહેલગામના બૈસરનમાં આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરી હતી. આ હુમલામાં ૧૭ પ્રવાસીઓ ઘાયલ થયા હતા. આ હુમલાનો એક નવો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં સફેદ કપડાં પહેરેલો એક પ્રવાસી ઊભો



જોવા મળે છે. કાળા કપડાં પહેરેલો એક આતંકવાદી તેની સામે ઊભો છે. થોડી જ વારમાં આતંકવાદી સામે ઉભેલા યુવાન પર ગોળીબાર કરે છે. તે પછી ત્યાં ગભરાટ ફેલાય છે. લોકો ચીસો પાડતા અહીં-તહીં દોડવા લાગે છે.












# બગસરા એસ.ટી.ડેપોમાં પંખા ગાયબ! મુસાફરોમાં રોષ

અમરેલી, તા.૨૬

બગસરા બસ સ્ટેશનમાં છેલ્લા ઘણા મહિનાઓથી પંખા બંધ હાલતમાં હોવાથી મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. ડેપો મેનેજર રજા પર હોવાથી બસ સ્ટેશન ધણીધોરી વગરનું બનવા પામ્યુ છે. બગસરા બસ સ્ટેશનમાં સાફ-સફાઈ, અનેક રૂટ બંધ સહિતના પ્રશ્નો વારંવાર ઉદ્દભવે છે ત્યારે હવે બસ સ્ટેશનમાં છેલ્લાં ઘણા મહિનાઓથી પંખા ગાયબ થઈ ગયા છે. સ્ટેન્ડ નંબર ૧થી ૪માં વચ્ચે માત્ર એક જ પંખો આવેલો હોવાથી



મુસાફરો ભારે ગરમીનો સામનો કરી રહ્યાં છે. જો કે મુખ્ય અધિકારી રજા પર હોવાથી કોઈ ધ્યાન આપતું નથી. આમ બસ સ્ટેશન ધણીધોરી વગરનું હોવાથી મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. તેમજ બગસરાથી બપોરે ૧૨:૩૦ કલાકે ઉપડતી અમરેલી રૂટની બસમાં અપડાઉન કરતા મુસાફરોએ સ્વખર્ચે રૂટ બોર્ડ બનાવીને આપ્યુ હતું. જો કે છેલ્લાં એક મહિનાથી આ રૂટ બોર્ડ પણ ગાયબ કરી દેવાયુ છે. સમયપત્રક લખેલા બોર્ડમાં સમય ભૂંસી નાખવામાં આવ્યો છે. આ બાબતે વર્કશોપ અધિકારીઓને ફરિયાદ કરતા તેમણે પોતાની જવાબદારી સ્વીકારવાને બદલે મુસાફરોને આ બોર્ડ પાછુ લઈ જવાનું કહેતા મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે.

**રૂટ બોર્ડ અંગે મુસાફરોએ ફરિયાદ કરતા બોર્ડ અંગે વર્કશોપ કર્મીનો ઉધ્ધત જવાબ**

# મોટા મુંજીયાસરની ગ્રા. પં. ને તાળા મારવા સરપંચનો નિર્ણય

બગસરા તા.૨૬

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે એક પછી એક વિવાદ બહાર આવી રહ્યા છે. જેમાં પૂર્વ સરપંચ દ્વારા યોગ્ય રીતે ડેડ સ્ટોક નવા સભ્યોને સોપવામાં આવેલ ન હોવાની ઉચ્ચ અધિકારીને રજૂઆત છતાં કોઈ નિર્ણય ન થતા આખરે ગ્રામ પંચાયતને તાળા મારવાનો નિર્ણય કર્યો છે. મળેલી વિગતો મુજબ મોટા મુંજીયાસર ગ્રામ પંચાયતમાં પૂર્વ સરપંચ રમેશભાઈ સતાસિયા અને હાલના સરપંચ જયસુખભાઈ ખેતાણી વચ્ચે ડેડ સ્ટોક બાબતે ચાલી રહેલી વહીવટી લડાઈમાં તાલુકા, જિલ્લાની કચેરીઓ દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં ન આવતા આખરે સરપંચ જયસુખભાઈ ખેતાણીએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી ગ્રામ પંચાયતને તાળું મારી દેવાની જાહેરાત કરી છે. તેમણે કરેલ રજૂઆતમાં જણાવેલ છે કે ગામમાં અનેક કામોને ખર્ચ કરી દેવામાં આવેલ છે પરંતુ હકીકતમાં સ્થળ પર કોઈ કામ થયેલ નથી. ગામથી ખોડીયાર મંદિર જવા માટે રસ્તાનો ખર્ચ કરેલ છે, પરંતુ હકીકતમાં આવો રસ્તો બનેલ નથી. આ ઉપરાંત લોખંડની પાઈપ લાઈન તેમજ કેબલ વગેરેનો ખર્ચ પણ બતાવેલ છે પરંતુ હકીકતમાં એવો કોઈ ખર્ચ થયેલ નથી તેથી આ કોઈ બાબતો ડેડ સ્ટોકમાં ચડાવવામાં આવેલ નથી. આ બાબતોને લઈ છેલ્લા ત્રણ વર્ષથી તાલુકા તથા જિલ્લા કચેરીઓને રજૂઆત કરવા છતાં તેમના દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા આખરે ગ્રામ પંચાયતનો વહીવટ બંધ કરવા નિર્ણય કરેલ છે. સરપંચ દ્વારા આવી રીતે ગ્રામ પંચાયતને તાળા મારવામાં આવે તો આ સરકારી કચેરીને તાળા મારવા બદલ સરકાર તેમના વિરુદ્ધ ફરિયાદ દાખલ કરશે કે ડેડ સ્ટોકના કૌભાંડ બાબતે પગલા લેશે તે જોવાનું રહેશે.

# વીમા કંપનીને વળતર ચૂકવવાનો ગ્રાહક આયોગનો આદેશ

અમરેલી, તા.૨૬

ગ્રાહક તકરાર નિવારણ આયોગે બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીને અકસ્માતમાં નુકસાન પામેલી મર્સિડિઝ કારના ક્લેમને ખોટી રીતે નકારવા બદલ રૂપિયા ૧૭,૫૦,૦૦૦ વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ આપ્યો છે. અશોકભાઈ રાઠોડની કારને ઘેલા સોમનાથથી જસદણ પરત ફરતી વખતે કાળાસર ગામ પાસે અકસ્માત થયો હતો. વીમા કંપનીએ મિસ રિપ્રેઝેન્ટેશનનું કારણ આપી ક્લેમ નામંજૂર કર્યો હતો. ગ્રાહક આયોગે ફરિયાદીના વકીલની દલીલો અને પુરાવાને ધ્યાને લઈ વીમા કંપનીને ૯% વ્યાજ સાથે વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ વિરમ ધ્રાંગીયા અને યશ ડોડીયા હાજર રહ્યા હતા.

# કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

કુંકાવાવ, તા.૨૬

કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામે નવોદય એજ્યુકેશન શાળા દ્વારા વિદ્યાર્થીઓનું બહુમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. નવોદય એજ્યુકેશન શાળા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ



કાર્યક્રમના અધ્યક્ષ કુંવરજીભાઈ બાવળીયા, કેબિનેટ મંત્રી ગુજરાત સરકાર તેમજ મુખ્ય મહેમાન રાંદલના દડવાથી રાંદલ માતાજી મંદિરના મહંત હરેશ પ્રગટબાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નવોદય એજ્યુકેશન શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના બાળકો તેમજ તેમના વાલીઓ અને લુણીધાર ગામમાંથી બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીની શિક્ષિકા સાથે રૂ. ૮૦ હજારની છેતરપિંડી

અમરેલી, તા. ૨૬

અમરેલીની એક શિક્ષિકાએ ગાડી ખરીદવા માટે ગૂગલ પે થી ૮૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે તેને ગાડી મળી નહોતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણ્યા બાદ શિક્ષિકા નિમિત્સાબેન મથુરદાસ મિસ્ત્રી (ઉ.વ.૫૧)એ વિશાલભાઈ મહેશભાઈ મહેતા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે ગાડી લેવા માટે આરોપી ઉપર વિશ્વાસ રાખી રૂ.૮૦,૮૭૯ ગૂગલ પેથી ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ આજદીન સુધી ગાડી કે રૂપિયા ફરિયાદીને પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટા બ્રહ્મસમાજ દ્વારા આગામી શ્રી પરશુરામ જયંતી નહી ઉજવવાનો નિર્ણય કરાયો

લીલીયામોટા, તા.૨૬

લીલીયા મોટા બ્રહ્મ પરિવાર દ્વારા આગામી દિવસોમાં આવનાર ભગવાન શ્રી પરશુરામ જયંતીની ઉજવણી ન કરી ને માત્ર પહેલગામમાં શહીદ થયેલ પર્યટકોને શ્રધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવશે જેની જાહેરાત લીલીયા મોટા બ્રહ્મસમાજ પ્રમુખ કિશોરભાઈ પાઠક તેમજ યુવા બ્રહ્મસમાજ પ્રમુખ જયેશ મહેતા દ્વારા કરવામાં આવેલ છે. તાજેતરમાં જમ્મુ કશ્મીરના પહલગામમાં નિર્દોષ નાગરિકો પર થયેલ ભયાનક આતંકી હુમલામાં ૨૬ જેટલા લોકો શહીદ થયા છે જે આતંકી હુમલાનું કૃત્ય સમગ્ર માનવ સમાજ માટે ઘાતક અને અમાનવીય છે. શહીદ થયેલા લોકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાના ભાવથી તા. ૨૯/૦૪ ના રોજ ભગવાન શ્રી પરશુરામના જન્મોત્સવ નિમિત્તે રાખેલ શોભાયાત્રા તથા સમૂહભોજનનો કાર્યક્રમ રદ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૯/૦૪ના રોજ સાંજના ૬:૩૦ કલાકે ગાયત્રી મંદિર લીલીયા મુકામે પરશુરામ દાદાની આરતી કરવામાં આવશે. ત્યારબાદ સાંજના ૭:૦૦ કલાકે પહેલગામ આતંકી હુમલાના શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવશે.

# સાવરકુંડલામાં શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય દિનની ઉજવણી કરાઈ

સાવરકુંડલા, તા.૨૬

શ્રી મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ દ્વારા શ્રી મહાપ્રભુજીનો પ્રાગટ્ય ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. પ્રભાત ફેરી, મંગળા દર્શન, દુગ્ધાભિષેક, તીલક આરતી અને પાલનામાં ઝુલાવવાના કાર્યક્રમ યોજાયા હતા. નંદમહોત્સવમાં કિર્તનકારોએ સુંદર કીર્તન ગાયા હતા. મહાપ્રભુજીના ચિત્રજીને તીલક, માલાજી અને કેસર સ્નાન કરાવાયું હતું, જેનો લાભ વૈષ્ણવોએ




લીધો હતો. પાઠશાળાના બાળકોએ શ્રી નાથજી પ્રથમ મિલન નાટક ભજવ્યું અને હજારો વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો હતો. કમિટી અને વૈષ્ણવોએ ઉત્સાહભેર ઉજવણીમાં સહકાર આપ્યો હતો.

# ચલાલામાં મહાપ્રભુજીનો ૫૪૮મો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો

ચલાલા,તા.૨૬

ચલાલા દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટ અને સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા દ્વારકાધીશ હવેલી ખાતે મહાપ્રભુજીનો ૫૪૮મો પ્રાગટ્ય મહોત્સવ વૈષ્ણવોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો હતો. મંગળા દર્શન, પલના, શૃંગારભિતર અને નંદમહોત્સવ સહિતના દર્શન યોજાયા હતા. દિનેશભાઈ મેશીયાના નિવાસસ્થાનેથી વર્ણાગી કીર્તન સાથે હવેલીએ પહોંચી



હતી. ત્યારબાદ પટેલ વાડીમાં વૈષ્ણવોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. પ્રાગટ્ય મહોત્સવ દરમિયાન સમગ્ર વૈષ્ણવ સમાજમાં ઉત્સાહ અને આનંદ છવાયો હતો.

# સા.કુંડલાના મોલડી ગામની યુવતીને ખરીદી કરવા સાથે ન લઈ જતાં ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાના મોલડી ગામે રહેતી એક યુવતીનું ગળાફાંસો ખાવાથી મોત થયું હતું. બનાવ અંગે પ્રતાપભાઈ ઉકાભાઈ ખુમાણ (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, ઉર્વશીબેન પ્રતાપભાઈ ખુમાણને પરિવારના સભ્યો ખરીદી કરવા સાથે ન લઈ જતાં મનમાં લાગી આવ્યું હતું.

તેણે દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. બી. મારુ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બાબરાના ઉંટવડ ગામે રહેતા નારણભાઈ અમરાભાઈ દાફડાનું બીમારીના કારણે મોત થયું હોવાનું રોહિતભાઈ નારણભાઈ દાફડાએ જાહેર કર્યું હતું. બાબરા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી, ૫૯૮ ગ્રામ પંચાયતોમાં ગ્રામસભા યોજાઈ

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા બિહારથી રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાયા બાદ, અમરેલી જિલ્લા પંચાયત ખાતે પ્રમુખ ભરતભાઈ સુતરીયાના



અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લાની તમામ ૫૯૮ ગ્રામ પંચાયતોમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભાઓનો મુખ્ય ઉદ્દેશ્ય પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષ અંગે ગ્રામજનોને માહિતી આપવાનો હતો. જિલ્લાના ૧૧ તાલુકાઓમાં પણ તાલુકા પંચાયત પ્રમુખોની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સા.કુંડલાના પિયાવા ગામે શૂરવીર શ્રી રત્ના આપા જોગરાણા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાના પિયાવા ગામે શૂરવીર શ્રી રત્ના આપા જોગરાણા મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ ઠાકર બાપા જ્યોતનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૩૦/૪/૨૦૨૫ અખાત્રીજના દિવસે યોજાનારા પ્રતિષ્ઠા મહોત્સવમાં સાંજના સમયે ઠાકર બાપાની જ્યોત રોહીશાળાના ગાદીપતિ કાનજી



બાપુના હસ્તે પ્રગટાવવામાં આવશે. સર્વ ધર્મપ્રેમી જનતાને પધારવા સમસ્ત જોગરાણા પરિવાર તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શાન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**ફેક્ટરી, હોટલ સહિતના સ્થળો પર પોલીસ તપાસનો ધમધમાટ**

# અમરેલી જિલ્લામાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓની તપાસ શરૂ

**કોઈ શંકાસ્પદ કે ફેક્ટરીમાં બાંગ્લાદેશી જણાય તો જાણ કરવા એસ.પી.નો અનુરોધ**



અમરેલી,તા.૨૬

ગુજરાતમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને શોધી-શોધીને રવાના કરવાનું અભિયાન ચાલી રહ્યુ છે ત્યારે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા પણ ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓની તપાસ કરવાનો ધમધમાટ શરૂ કર્યો છે. અમરેલી જિલ્લામાં એલટીવી વિઝા એટલે કે લોંગ ટાઈમ વિઝા પર પાંચ મહિલાઓ રહેતી હોવાનું સામે આવ્યા બાદ હવે જિલ્લામાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓ સામે પોલીસે તપાસ શરૂ કરી છે. આ અંગે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે, જિલ્લામાં રહેતા બાંગ્લાદેશીઓની પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા જિલ્લામાં ફેકટરી, હોટલ કે અન્ય દુકાનો પર જો કોઈ ગેરકાયદે રહેતો બાંગ્લાદેશી કામ કરતો હશે તો તેને પકડવામાં આવશે. જો કોઈ શંકાસ્પદ કે ગેરકાયદે રહેતો બાંગ્લાદેશી માલૂમ પડે તો પોલીસને જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલામાં મેકડા-ઈંગોરાળા રોડ પર રૂા. ૧૫ કરોડના મેજર બ્રિજને મંજૂરી

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા તાલુકાના મેકડાથી ઈંગોરાળા રોડ પર શેત્રુંજી નદી પર મેજર બ્રિજ, એપ્રોચ સીસી રોડ અને પ્રોટેક્શન વોલના નિર્માણ માટે રાજ્ય સરકારે રૂા.૧૫ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.



ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા કરવામાં આવેલા સતત પ્રયાસોને આખરે સફળતા મળી છે, જેના પગલે આ વિસ્તારના લોકોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. આ પ્રોજેક્ટ મંજૂર થવાથી મેકડા અને ઈંગોરાળા તેમજ આસપાસના ગારિયાધાર, સાવરકુંડલા અને લીલીયા તાલુકાની કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો થશે.

આ વિકાસ કાર્યથી સ્થાનિક લોકોની અવરજવરની સુવિધામાં સુધારો થશે અને પરિવહન સરળ બનશે. મેજર બ્રિજ બનવાથી નદી પાર કરવી આસાન થશે, જ્યારે એપ્રોચ સીસી રોડથી રસ્તાની ગુણવત્તા સુધરશે. પ્રોટેક્શન વોલ આસપાસના વિસ્તારને સુરક્ષા પ્રદાન કરશે, જેનાથી લોકોને અવરજવરમાં સરળતા રહેશે. ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના કારણે થતી મુશ્કેલીઓ પણ આ બ્રિજ બનવાથી દૂર થશે. આ બ્રિજ અને રોડના નિર્માણથી આ વિસ્તારના વિકાસને નવી દિશા મળશે અને આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વધારો થશે. આ બ્રિજ બનવાથી લોકોની મુશ્કેલીનો અંત આવશે.

# રાજુલાના દેવપરા-ભેરાઈ ગામે પ્રૌઢને પથ્થરના ઘા કરી છાતીના ભાગે મુંઢ ઈજા કરી

રાજુલા, તા.૨૬

રાજુલાના દેવપરા-ભેરાઈ ગામે ગાળો બોલવાની ના પાડતાં કુટુંબીજનોમાં માથાકૂટ થઈ હતી. પ્રૌઢને પથ્થરના ઘા કરી છાતીના ભાગે મુંઢ ઈજા કરી હતી. બનાવ અંગે લાભુભાઈ જીણાભાઈ વાજા (ઉ.વ.૬૫)એ મનસુખભાઈ બોઘાભાઈ વાજા, વશરામભાઈ બોઘાભાઈ વાજા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના આગરમાં કામ કરતા હતા તે દરમિયાન આરોપી ત્યાં આવી ગાળો બોલવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતાં સારૂ નહોતું લાગ્યું અને પથ્થરના છુટ્ટા ઘા કરી છાતીના ભાગે મુંઢ ઈજા પહોંચાડી હતી. તેમજ આગરમાં આવશો તો જીવતા નહીં જવા દઈએ તેવી ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# એએસપીના અધ્યક્ષસ્થાને ધારી પોલીસ સ્ટેશન ખાતે લોક દરબાર યોજાયો

ધારી,તા.૨૬

ધારી પોલીસ સ્ટેશનમાં એએસપી જયવીર ગઢવીના અધ્યક્ષ સ્થાને એક લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક દરબારમાં ધારી શહેરના વેપારી એસોસિએશન, રાજકીય આગેવાનો અને વિવિધ જ્ઞાતિઓના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. પી. આઈ. દેસાઈ દ્વારા કાર્યક્રમની



તસવીર : સંજય વાળા

શરૂઆત કરવામાં આવી હતી. લોક દરબારમાં ઉપસ્થિત લોકોએ ધારી શહેરમાં અનુભવાતી વિવિધ સમસ્યાઓ અંગે ચર્ચા કરી હતી, જેના જવાબમાં પોલીસ વિભાગે ટૂંક સમયમાં ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ધારી પત્રકાર સંઘ દ્વારા એએસપી જયવીર ગઢવીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. એએસપી ગઢવીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે પોલીસ હંમેશા પ્રજાની મિત્ર છે અને કોઈપણ પોલીસ વિભાગ સંબંધિત કામગીરી માટે તત્પર રહેશે. આ લોક દરબારમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતા.

# બાઢડા ગામના પુરુષનું સાવરકુંડલાના લિમડી ચોકમાંથી બાઈક ચોરાયું

**પત્ની અને પુત્રી સાથે ખરીદી કરવા આવ્યો હતો**

સાવરકુંડલા, તા.૨૬

બાઢડા ગામનો એક પુરુષ તેની પત્ની અને પુત્રીને લઈ સાવરકુંડલા ખરીદી કરવા આવ્યો હતો. તેણે બાઈક લિમડી ચોકમાં પાર્ક કર્યું હતું. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. જયંતીભાઈ ટપુભાઈ મકવાણા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તા.૨૫/૦૧/૨૦૨૫ના રોજ તેઓ તથા તેમના પત્ની, પુત્રી સાથે સાવરકુંડલા ખાતે ખરીદી કરવા માટે આવ્યા હતા. તેમણે લિમડી ચોકમાં પોતાનું બાઈક પાર્ક કર્યું હતું. રૂપિયા ૨૦,૦૦૦ની કિંમતના બાઈકની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# કુંકાવાવના નાજાપુર ગામે આરોગ્ય સબ સેન્ટરનું બિલ્ડીંગ ક્યારે કાર્યરત થશે?

**કોઈ અધિકારીઓ બિલ્ડીંગનો કબજો સંભાળવા તૈયાર નથી : નાયબ કાર્યપાલક ઈજનેર**



અમરેલી,તા.૨૬

કુંકાવાવ તાલુકાના નાજાપુર ગામે આરોગ્ય સબ સેન્ટરનું બિલ્ડીંગ છેલ્લા બે મહિનાથી તૈયાર થઈ ગયેલ છે પરંતુ આ બિલ્ડીંગની અંદર દવાખાનું કાર્યરત થયેલ નથી. ફક્ત એક જૂની ઓરડીની અંદર અત્યારે દવાખાનું ચાલુ છે ત્યારે જાગૃત નાગરિક દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેર સાથે ટેલિફોનિક વાત કરતા એમણે એવું જણાવેલું કે નવા બિલ્ડીંગનો કબજો સંભાળવા માટે ત્યાંના અધિકારીઓ તૈયાર નથી. નાયબ કાર્યપાલક અધિકારીના આવા જવાબથી ગ્રામજનોની સાથે દર્દીઓમાં પણ ભારે રોષ ફેલાયો છે.

# શેઢા બાબતે બોલાચાલીમાં ખેડૂતને લાકડાનો ધોકો માર્યો

ખાંભા, તા.૨૬

ખાંભાના મોટા સમઢીયાળા ગામે શેઢા બાબતે બોલાચાલીમાં ખેડૂતને લાકડાનો ધોકો માર્યો હતો. બનાવ અંગે ધારીના વિરપુર ગામે રહેતા મનસુખભાઈ હંસરાજબાઈ સોડવડીયા (ઉ.વ.૪૪) એ મોટા સમઢીયાળા ગામે રહેતા વિનુભાઈ રાઘવભાઈ શેલડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે તેના બનેવી ધનજીભાઈ રાઘવભાઈ શેલડીયાની જમીન ફાર્મે રાખી હતી. જે તેમને ગમતું નહોતું અને આગાઉ થોડા સમય પહેલા તેમને તથા ત્હોમતદારને પાણી તથા શેઢા બાબતે બોલાચાલી થઈ હતી. આ વાતનું મનદુ:ખ રાખી 'મને અગાઉ કેમ ગાળો આપી' તેમ કહી લાકડાના ધોકા વડે ફટકારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં ભગવાન પરશુરામની શોભાયાત્રા, બ્રહ્મચોર્યાસી મોકૂફ

**આજે વિવિધ હિન્દુ સંસ્થાઓ દ્વારા સવારે મૌન રેલીનું આયોજન**

બગસરા,તા.૨૬

હાલમાં જ કાશ્મીરના પહેલગામ ખાતે હિન્દુઓ ઉપર કરવામાં આવેલ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલ હિન્દુ લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે મૌન રેલીનું આયોજન રાખવામાં આવેલ છે માટે સમસ્ત હિન્દુઓને આ રેલીમાં જોડાવા માટે અનુરોધ કરવામાં આવેલ છે તેમજ મંગળવારના રોજ ભગવાન પરશુરામ દાદાના પ્રાગટ્ય દિવસ નિમિત્તે દર વર્ષે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા રેલી તેમજ બ્રહ્મચોર્યાસી કરવામાં આવતી હતી તે આ વર્ષે મોકૂફ રાખવામાં આવેલ છે તેમજ બ્રહ્મસમાજ દ્વારા સમસ્ત હિન્દુ સમાજના આગેવાનોને સાથે રાખીને આગામી ૨૯ તારીખના રોજ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે તેમજ આજે રવિવારના રોજ સવારના ૯:૩૦ કલાકના રોજ સમસ્ત હિન્દુ સમાજ, સનાતન ગ્રુપ, વેપારી મહામંડળ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, તેમજ બીજી અનેક સંસ્થાઓ સાથે રહીને આ મૌન રેલીનું આયોજન કરવામાં આવેલ છે. આ રેલી વિજયચોકથી લઈ શહેરની મુખ્ય બજારોમાં ફરી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાએ પહોંચી મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરશે.



AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455 For product registration, SMS <WTA> to 9829525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas, My Voltas, My Voltas, Voltas Limited, My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

મર્હુમ હાજી યુનુસભાઈ હાજી કાસમભાઈ પઠાણ (ઉ.વ.૭૦) તે મોહસીનભાઇ હાજી યુનુસભાઈ પઠાણ, અનવરભાઈ હાજી યુનુસભાઈ પઠાણ, વસિમભાઈ હાજી યુનુસભાઈ પઠાણના પિતા તા.૨૫/૪/૨૫ને શુક્રવારના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. તેમની જીયારત તા.૨૭/૪/૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૧ કલાકે મદીના મસ્જિદ ખાતે તથા ઔરતોની જીયારત તેમના નિવાસ સ્થાને રાખેલ છે તથા તમામ મુસ્લિમ બિરાદરો શરિક થઈ સવાબે દારેન હાસીલ કરશો તથા હિન્દુ બેસણું તમામ ભાઈઓ માટે બપોરે ૪ થી ૬ કલાકે જૂના બસ સ્ટેશન પાછળ, મેમણ જમાતખાના, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ભાવનગર**

વિનોદરાય છોટાલાલ જોષી (ઉ.વ.૭૨) તા.૨૪-૪ને ગુરૂવારે સ્વર્ગવાસ પામેલ છે. તે જયદીપભાઈ, જાગૃતિબેન રમેશકુમાર જાની (જેસર), શોભનાબેન વિષ્ણુકુમાર ભટ્ટ (ભાવનગર), ઈલાબેન અલ્પેશકુમાર પંડયા (કોઠી), આરતીબેન ધવલકુમાર જાની (પાલિતાણા), ભગવતીબેન વી. જોષીનાં પિતાશ્રી થાય છે. તેમની સાદડી તા.૨૮-૪ને સોમવારે સવારે ૧૦થી ૬ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિની વાડી (સિંધુનગર) ભાવનગરમાં રાખેલ છે.

**અમરેલી**

સ્વ.સોની અતુલભાઈ પ્રાણલાલ ઝીંઝુવાડિયા તા.૨૫/૦૪/૨૦૨૫ ને શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે સ્વ. રમેશભાઈ પ્રાણલાલ ઝીંઝુવાડિયાના નાના ભાઈ અને જગદીશભાઈ પ્રાણલાલ ઝીંઝુવાડિયાના મોટા ભાઈ થાય તેમજ અક્ષયના પિતાશ્રી થાય છે. તેમનું બેસણું સોની જ્ઞાતિની વાડી, ગર્લ્સ સ્કૂલ પાસે, અમરેલી તા.૨૭/૦૪/૨૫ ને સોમવારે ૪ થી ૬ રાખેલ છે.

# ડેડાણ ગામેથી બે સગીરાના અપહરણથી ચકચાર

ખાંભા, તા.૨૬

ખાંભાના ડેડાણ ગામેથી બે સગીરાના અપહરણથી ચકચાર મચી ગઈ છે. રોહિતભાઈ હિંમતભાઈ સોલંકી (રહે.ધોકડવા) તથા વિવેકભાઈ કાળુભાઈ પરમાર (રહે.રાજુલા) બે સગીરાને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયા હતા.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 014
**સંકુલ ધો. ૧૧ પ્રવેશ – A1 A2 ગ્રેડને ફી રાહત**
**સંકુલ ધો. ૧૨ રીઝલ્ટ – A1 A2 ગ્રેડને ફી પરત**
★ ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ માં પ્રવેશ લેનાર ધો. ૧૦ A1 ગ્રેડને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષ 50% ફી રાહત – A2 ગ્રેડને 25%
★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ માં A1 ગ્રેડ લાવનારને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષની ભરેલ ફી 50% પરત – A2 ગ્રેડને 25% (સંકુલ કોલેજ પ્રવેશ લેનારને)
★ KG ટુ PG – સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ

**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# અમરેલીના દેવળીયા નજીક સિંહણને અડફેટે લેનાર ટ્રકચાલક ઝડપાયો

અમરેલી,તા.૨૬

અમરેલી તાલુકાના દેવળીયા ગામના પાટિયાથી શેત્રુંજી પુલ વચ્ચે ૨૪ એપ્રિલે વહેલી સવારે સિંહણને અજાણ્યો વાહનચાલક ટક્કર મારી નાસી છૂટ્યા બાદ લીલીયા વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પ્રથમ સિંહણના મૃતદેહનો કબજો લઈ પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો. પીએમ બાદ વનવિભાગે અલગ અલગ



૩ ટીમો બનાવી હતી. હાઈવે ઉપર અલગ-અલગ પેટ્રોલપંપ, નેત્રમ સહિત કુલ ૪૦ કરતા વધુ સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી હતી, નંબરના આધારે રજિસ્ટ્રેશન નંબરની ચકાસણી કરી વાહન માલિક અંગે વનવિભાગની શોધખોળ ચાલતી હતી. આ દરમિયાન ડુંગળી ભરેલો એક શંકાસ્પદ ટ્રક GJ ૦૩ BT ૭૭૯૫ માલિક ધાર્મિષ્ઠાબેન ભરતભાઈ ક્લોલાના નામે રજિસ્ટ્રેશન થયેલ હતો, તેના આધારે પૂછપરછ દરમિયાન ટ્રક કુંકાવાવ રોડ ઉપર હતો, જેના ડ્રાઈવર રાજેશ પડારીયાની પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી. સિંહણના અકસ્માતની ઘટનામાં લીલીયા રેન્જના આર.એફ.ઓ. ભરત ગલાણીની ટીમને ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

### ડ્રાઈવર સામે વન્યપ્રાણી વધનો ગુનો નોંધાયો

અમરેલી-સાવરકુંડલા રોડ પર દેવળીયા નજીક સિંહણનું ટ્રક અડફેટે મોત થયુ હતું. ડુંગળી ભરેલો ટ્રક ગોંડલ જતો ત્યારે આ અકસ્માત બન્યો હતો. સિંહણનું મોત થતા ટ્રકચાલક રાજેશ પડારીયાની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં વન્યપ્રાણીના વધનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ ગુનામાં ૧૦ વર્ષ જેલની સજાની જોગવાઈ છે. ટ્રક ડ્રાઈવર રાજેશ પડારીયાને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

### વન્યપ્રાણીની રક્ષા કરવાની જવાબદારી આપણા સૌની : આરએફઓ

દેવળીયા ગામ નજીક ત્રણ વર્ષની સિંહણનું માર્ગ અકસ્માતમાં મોત થયા બાદ વનવિભાગની ટીમે રાજેશ પડારીયાની ધરપકડ કરી હતી. આ અંગે આરએફઓ ભરત ગલાણીએ જણાવ્યું હતું કે, વન્યપ્રાણીઓની રક્ષા કરવાની જવાબદારી આપણા સૌની છે. વન્યપ્રાણીઓ ગમે ત્યાં વિહરતા હોય છે ત્યારે ગતિ મર્યાદામાં વાહન ચલાવવુ જોઈએ.

### વન્યપ્રાણીઓને જંગલ વિસ્તારમાં રાખવાની જવાબદારી કોની?

અમરેલીના દેવળીયા નજીક ટ્રકની અડફેટે સિંહણ આવી જતા તેનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જેમાં વનવિભાગ દ્વારા બે દિવસની શોધખોળના અંતે ટ્રકચાલકની ધરપકડ કરવામાં આવી હતી. જો કે આ બાબતે વાહનચાલકો જણાવી રહ્યાં છે કે રોડ પર વાહન ચલાવતા હોય ત્યારે અચાનક જ વન્યપ્રાણી રસ્તા વચ્ચે આવી જાય ત્યારે ભુલથી અકસ્માત સર્જાતા હોય તે માનવીય ભુલ નથી પરંતુ આકસ્મિક ઘટના છે. ઘણીવાર શ્વાનને બચાવવા જતા વાહન પલટી ખાઈ જતા હોય છે જેમાં માનવીઓના મોત નિપજે છે ત્યારે જવાબદાર કોણ? વન્યપ્રાણીઓને જંગલ વિસ્તારમાં રાખવાની જવાબદારી કોની એવો સવાલ પુછવામાં આવી રહ્યો છે.

## ‘તું તે દિવસે કેમ પાવર કરતો હતો તમારે બહુ હવા છે’ કહી ગાળો આપી

રાજુલા, તા.૨૬

રાજુલાના જીંજકા ગામે એક યુવકને ‘તું તે દિવસે કેમ પાવર કરતો હતો તમારે બહુ હવા છે’ કહી ગાળો આપવામાં આવી હતી. બનાવ અંગે અશોકભાઈ કમલેશભાઈ બાબરીયા (ઉ.વ.૨૧) એ છત્રપાલભાઈ સવુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ તેઓ જીંજકા ગામની પ્રાથમિક શાળા પાસે ગોલાવાળાની લારીએ ગોલો લેવા ગયા હતા. આ વખતે આરોપીએ તેમની પાસે આવી ‘છેટો જા મારે ગોલો લેવો છે’ તેમ કહ્યું હતું. જેથી તેમણે આરોપીને ‘હું પણ ગોલો લેવા જ આવ્યો છું’ તેમ કહેતા આરોપીને સારું નહોતું લાગ્યું અને બોલાચાલી કરી બે ઝાપટ મારી હતી. જે બાબતનું મનદુઃખ રાખી આરોપીએ તેમને ‘તું તે દિવસે કેમ પાવર કરતો હતો તમારે બોવ હવા છે તમને તો મારવાના જ હોય’ તેમ કહી ગાળો બોલ્યા હતા અને ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન.બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલાના જીરા સિમરણમાં મેલેરિયા નાબુદી માટે જનજાગૃતિ રેલી

સાવરકુંડલા,તા.૨૬

૨૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જીરા સિમરણ ખાતે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણીના ભાગરૂપે મેલેરિયા નાબુદી માટે એક જનજાગૃતિ અભિયાન રેલીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આયુષ મેડિકલ ઓફિસર ડૉ. જયકાન્ત પરમાર, સીએચઓ હિરલબેન, સુપરવાઈઝર ગોંડલીયાભાઈ,



તસવીર : સૌરભ દોશી

હેલ્થ વર્કર્સ દેવાંગભાઈ અને આશાબેન તેમજ શાળાના શિક્ષકો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રેલીનો મુખ્ય હેતુ સમાજમાં મેલેરિયા અંગે જાગૃતિ ફેલાવવાનો અને તેનાથી બચવા માટે લેવાના જરૂરી પગલાં વિશે લોકોને માહિતી આપવાનો હતો. રેલી દરમિયાન આરોગ્ય કર્મચારીઓ દ્વારા મેલેરિયાના કારણો, તેના લક્ષણો, નિવારણના ઉપાયો અને તેની સારવાર વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમાજના વિવિધ સ્તરના લોકોની સક્રિય ભાગીદારીએ મેલેરિયાને નાથવાના સામૂહિક પ્રયાસોને વધુ મજબૂત બનાવ્યા હતા.

## લાઠીના ભીંગરાડ ગામના ત્રણ ઈસમો જુગાર રમતાં ઝડપાયા

લાઠી, તા.૨૬

લાઠીના ભીંગરાડ ગામેથી પોલીસે ત્રણ ઈસમોને જુગાર રમતાં ઝડપી પાડ્યા હતા. ભીગરાડ ગામથી ઈંગોરાળા ગામના જુના માર્ગ વેણકીના નાળા પાસે જાહેરમાં જુગાર રમતાં માવજીભાઈ મુળજીભાઈ ગોહિલ (ઉ.વ.૪૫), જેન્તીભાઈ મેઘજીભાઈ સોંલકી (ઉ.વ.૪૩) તથા પ્રવિણભાઈ સવજીભાઈ પરમાર (ઉ.વ.૩૫) રેઈડ દરમ્યાન ગંજીપતાના પાના તથા રોકડા રૂ.૩૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

**લાઠી પોલીસે ઈસમો પાસેથી રોકડ રૂ.૩૧૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

## વડીયામાં મહાપ્રભુજીનો ૫૪૮મો પ્રાગટ્ય ઉત્સવ ભવ્યતાથી ઉજવાયો

વડીયા, તા.૨૬

વડીયામાં કૃષ્ણપરા સ્થિત નવનિર્મિત હવેલી મંદિરમાં વૈષ્ણવ સંપ્રદાય દ્વારા શ્રી મહાપ્રભુજીનો ૫૪૮મો પ્રાગટ્ય ઉત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. ચૈત્ર વદ અગિયારસના શુભ દિવસે સવારે શ્રી બાલકૃષ્ણજીની નવી હવેલીમાં પધરામણી કરવામાં આવી હતી. બપોર બાદ વૈષ્ણવ ભક્તોએ કૃષ્ણ કીર્તન અને ભવ્ય રાસનું આયોજન કર્યું હતું, જેમાં



મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડીયા અને આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. હવેલી કમિટી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હવેલીના નવનિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર જેઠાભાઈ રાંકનું સન્માન કરવામાં આવ્યું હતું.

**સા.કુંડલાના દોલતી ગામે**

## ‘માટી તો નીકળશે જ તું ખોવાઈ જઈશ’ કહી ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાના દોલતી ગામે એક પુરુષને ‘માટી તો નીકળશે જ તું ખોવાઈ જઈશ’ કહીને ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે મેપાભાઈ બાવભાઈ બલદાણીયા (ઉ.વ.૫૯ )એ મોહનભાઈ બાલાભાઈ પરડવા તથા બાલાભાઈ વીરાભાઈ પરડવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પ્લોટમાંથી આરોપીઓ જે.સી.બી. વડે માટી કાઢતા હતા. જે બાબતે તેઓ બન્ને આરોપીઓને કહેવા જતા મોહનભાઈ પરડવાએ ‘માટી તો નીકળશે જ’ તેમ કહ્યું હતું. જ્યારે બાલાભાઈ પરડવાએ ‘તું ખોવાઈ જઈશ’ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.પી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## દાતરડી ગામે પ્રૌઢને જાનથી મારવાની ધમકી આપવામાં આવી

**હાલ સુરત રહેતા પ્રૌઢે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૬

રાજુલાના દાતરડી ગામે પ્રૌઢને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે હાલ સુરત રહેતા મૂળ દાતરડી ગામના મનુભાઈ કુરજીભાઈ ધડુક (ઉ.વ.૬૯) એ હમીરભાઈ રામભાઈ લાખણોત્રા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીને આશરે બે વર્ષ પહેલા દાતરડી ગામમાં કોઈ વ્યક્તિ સાથે ઝઘડો થયો હતો. જેથી આરોપીને એવું લાગતું હતું કે તે વ્યક્તિને આરોપી વિરૂદ્ધમાં ફરિયાદ કરાવવા બાબતે મનુભાઈ કુરજીભાઈ ધડુકના દીકરાએ પૈસા વાપર્યા છે અને ચડામણી કરી છે. તે બાબતનું મનદુઃખ રાખી અશ્લીલ ગાળો આપી ડાબા પડખામાં લાકડીનો એક ઘા માર્યો હતો. તેમજ મોઢા ઉપર ત્રણ ચાર લાફા મારી મુંઢ ઈજા કરી હતી. સાહેદ જયેશભાઈને ડાબા પગની પીંડીના ભાગે લાકડીનો એક ઘા મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૨૫ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૮૭ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૭૦૫ | ૮૩૫ |
| જુવાર પીળી | ૪૦૫ | ૪૬૦ |
| તુવેર | ૧૧૬૦ | ૧૩૮૩ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૧૦૪ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૨૬૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૬૧૫ |
| મગ | ૧૨૦૦ | ૧૬૨૨ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૧૬૦ |
| વટાણા | ૫૦૦ | ૧૮૨૦ |
| રાજમા | ૩૫૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૦૫૫ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૬૦ |
| તલી | ૧૫૦૦ | ૧૯૪૬ |
| સુરજમુખી | ૧૧૫૦ | ૧૭૨૭ |
| એરંડા | ૧૧૩૫ | ૧૨૦૦ |
| અજમો | ૯૫૦ | ૧૨૫૦ |
| સુવા | ૧૩૧૧ | ૧૪૧૧ |
| સોયાબીન | ૭૯૦ | ૮૨૧ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૩૧૦૦ | ૪૯૯૯ |
| લસણ | ૯૦૦ | ૨૩૦૦ |
| ધાણા | ૧૧૧૦ | ૧૪૮૦ |
| મરચા સુકા | ૧૦૭૦ | ૧૮૬૦ |
| ધાણી | ૧૨૧૦ | ૧૫૯૮ |
| વરીયાળી | ૧૫૦૦ | ૨૫૫૦ |
| જીરૂ | ૩૬૫૧ | ૪૩૫૧ |
| રાય | ૧૦૮૦ | ૧૩૦૮ |
| મેથી | ૮૨૦ | ૧૨૬૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૦૫૦ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૬૫૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૯ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૭૦૦ | ૪૦૦૦ |
| સાકરટેટી | ૨૫૦ | ૪૦૦ |
| તરબુચ | ૨૧૦ | ૩૬૦ |
| બટેટા | ૧૪૦ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૧૫૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| સકરીયા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૫૦ | ૩૫૦ |
| રીંગણા | ૧૪૦ | ૪૫૦ |
| કોબીજ | ૪૦ | ૮૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૮૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૪૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ચોળાસીંગ | ૭૫૦ | ૧૦૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૪૦ |
| કારેલા | ૪૫૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| પરવર | ૭૫૦ | ૧૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૬૦ | ૩૨૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૩૦ | ૫૨૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૨૦૦ | ૩૫૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૧૫૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૭૮ | ૧૦૨૧ |
| શિંગ મોટી | ૭૦૦ | ૧૦૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૬ | ૧૩૪૩ |
| શિંગ ૬૬ નં. | ૯૫૦ | ૧૦૧૨ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૨૬૫૦ | ૫૩૮૦ |
| બાજરો | ૪૩૦ | ૫૪૩ |
| જુવાર | ૭૩૧ | ૭૩૧ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૩૧ |
| ઘઉં લોકવન | ૩૨૦ | ૫૩૨ |
| ચણા | ૭૫૦ | ૧૦૭૯ |
| સફેદ ચણા | ૧૦૪૦ | ૧૧૯૬ |
| તુવેર | ૮૫૦ | ૧૩૨૬ |
| કપાસ | ૭૯૫ | ૧૫૫૬ |
| એરંડા | ૮૦૦ | ૧૧૭૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૪૨૧૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ધાણી | ૧૧૫૦ | ૧૭૪૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૭૯૯ | ૮૦૮ |
| મરચા લાંબા | ૨૧૦ | ૧૨૧૦ |
| દેશી મરચા | ૨૩૦ | ૧૯૫૦ |
| કાંગ | ૩૦૦ | ૫૪૮ |
| દેશી મરચા | ૨૩૦ | ૧૯૫૦ |
| મેથી | ૭૦૦ | ૯૧૫ |
| સુવાદાણા | ૧૨૫૦ | ૧૩૮૦ |
| અજમા | ૧૦૦૦ | ૧૮૯૦ |
| ચણા દેશી | ૯૦૦ | ૧૧૦૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૧૬૦ | ૨૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૧૫૦ | ૨૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલાં | ૭૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૦૦ | ૧૫૦ |
| સરગવો | ૧૦૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૮૦ | ૧૪૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ લીલુ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| લસણ સુકુ | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૦૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| કાચી કેરી | ૫૦૦ | ૮૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૦૫૧ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૪૯૨ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૬૧ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૧૨૬ |
| સિંગદાણા જાડા | ૧૨૨૧ | ૧૩૦૦ |
| સિંગ ફાડીયા | ૮૫૧ | ૧૩૦૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૪૦૫૧ |
| જીરૂ | ૩૩૦૧ | ૪૩૭૧ |
| કલંજી | ૧૯૦૧ | ૩૭૨૧ |
| વરીયાળી | ૧૨૩૧ | ૧૨૯૧ |
| ધાણા | ૮૫૧ | ૧૬૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૫૧ | ૨૨૦૧ |
| લસણ સુકું | ૬૧૧ | ૧૩૦૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૪૬ |
| અડદ | ૯૫૧ | ૧૪૬૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૬૧ |
| રાયડો | ૮૫૧ | ૧૦૭૧ |
| રાય | ૯૫૧ | ૧૨૧૧ |
| મેથી | ૬૦૦ | ૯૯૧ |
| સુવાદાણા | ૧૪૩૧ | ૧૪૭૧ |
| કાંગ | ૫૧ | ૬૦૧ |
| મરચા | ૩૫૧ | ૨૦૦૧ |
| મગફળી જાડી | ૭૨૧ | ૧૪૧૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૨૧૦૧ |
| તલ - તલી | ૧૫૫૦ | ૨૦૨૧ |
| ધાણી | ૯૫૧ | ૧૮૨૬ |
| મરચા સૂકા ઘોલર | ૪૫૧ | ૩૧૦૧ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૧૩૮ |
| બાજરો | ૪૧૧ | ૫૧૧ |
| જુવાર | ૫૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૫૧ | ૪૮૧ |
| મગ | ૧૨૦૧ | ૧૬૯૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૯૬ |
| વાલ | ૫૦૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૧૯૦૧ |
| સોયાબીન | ૭૩૧ | ૮૨૬ |
| અરીઠા | ૬૨૧ | ૬૨૧ |
| ગોગળી | ૬૮૧ | ૧૦૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૫૦ | ૩૦૦ |
| મરચા | ૧૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૨૦ | ૨૨૦૦ |
| કોબી | ૨૦ | ૧૫૦ |

| | | |
|---|---|---|
| દુધી | ૫૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૨૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૪૦ |
| ગાજર | ૮૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૯૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૦૨૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૪૦ |
| ડુંગળી પુરા | ૬ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| આંબલી | ૪૦૦ | ૬૦૦ |
| કાચા કેળા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૪ | ૬ |
| સરગવો પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૨૪૦ | ૧૧૦૦ |
| કારેલા | ૩૨૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૧૨૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૨૦૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| જામફળ | ૨૦૦ | ૪૦૦ |
| દાડમ | ૪૦૦ | ૧૨૦૦ |
| સફરજન | ૨૦૦૦ | ૪૦૦૦ |
| ચીકુ | ૩૦૦ | ૬૦૦ |
| કેળા | ૪૦૦ | ૬૦૦ |
| સંતરા | ૧૮૦૦ | ૪૮૦૦ |
| તરબૂચ | ૧૦૦ | ૨૪૦ |
| ક્રમલમ | ૧૮૦૦ | ૨૮૦૦ |
| ગુલાબ | ૩૨૦૦ | ૩૪૦૦ |
| બદામ કેરી | ૧૦૦૦ | ૧૪૦૦ |

| | | |
|---|---|---|
| હાફુસ કેરી | ૧૬૦૦ | ૨૫૦૦ |
| રાજાપુરી કેરી | ૮૦૦ | ૧૧૦૦ |
| મોસંબી | ૪૦૦ | ૮૦૦ |
| ટેટી | ૧૫૦ | ૨૫૦ |
| દ્રાક્ષ | ૭૦૦ | ૧૬૦૦ |
| કીવી | ૩૬૦૦ | ૪૪૦૦ |
| કેસર કેરી | ૧૬૦૦ | ૩૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૬૦ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૯૦ |
| મગફળી | ૯૮૫ | ૧૦૦૫ |
| ચણા | ૧૦૫૬ | ૧૦૮૪ |
| જીરૂ | ૩૯૯૦ | ૪૨૩૦ |
| ઘઉં | ૪૫૮ | ૫૩૨ |
| તુવેર | ૧૧૪૦ | ૧૩૭૦ |
| ધાણા | ૧૨૭૦ | ૧૪૮૦ |
| મેથી | ૯૬૦ | ૧૦૧૦ |
| એરંડા | ૧૦૨૫ | ૧૧૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૩૪ |
| ઘઉં લોકવન | ૩૬૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૭૨ |
| ચણા | ૬૦૦ | ૧૦૭૦ |
| સોયાબીન | ૬૭૨ | ૮૦૦ |
| ધાણા | ૯૩૫ | ૧૩૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૨૬ |
| મગફળી | ૮૩૦ | ૯૦૦ |
| ચણા સફેદ | ૧૦૪૦ | ૧૦૫૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૩૫ |
| તલકાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| શીંગદાણા | ૧૦૫૦ | ૧૧૬૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૮૦ | ૧૪૮૦ |
| મગફળી | ૯૩૦ | ૯૩૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૨૫ |
| એરંડા | ૯૧૫ | ૧૧૬૩ |
| મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| મેથી | ૮૦૦ | ૯૧૧ |
| રાઈ | ૧૧૧૦ | ૧૧૧૦ |
| સ ચણા | ૧૨૧૦ | ૧૪૨૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૭૫ | ૧૫૧૩ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૬૦ |

| | | |
|---|---|---|
| જુવાર સફેદ | ૭૨૫ | ૭૨૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૦૦ | ૯૫૪ |
| શીંગ મોટી | ૯૪૧ | ૧૦૧૯ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૮૨૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૩૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૭ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૦ |
| ચણા | ૧૦૬૨ | ૧૦૮૫ |
| દેશી ચણા | ૧૦૭૦ | ૧૨૩૭ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૨૨ |
| એરંડી | ૧૧૧૦ | ૧૧૭૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૬૦ |
| મેથી | --- | ૯૧૦ |
| અડદ | --- | ૧૩૬૫ |
| જુવાર | ૫૫૦ | ૭૭૧ |
| બાજરો | ૪૭૦ | ૬૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરા૦ | ૯૩૫ | ૧૦૪૮ |
| મગફળી ૩૨નં | ૯૦૦ | ૧૦૪૨ |
| બાજરી હાઇ. | ૪૭૦ | ૫૭૬ |
| ઘઉં | ૪૭૫ | ૫૬૬ |
| મેથી | ૭૦૦ | ૯૦૨ |
| જુવાર | ૫૫૦ | ૭૦૦ |
| એરડી | ૧૦૦૦ | ૧૨૦૬ |
| સોયાબીન | ૭૭૦ | ૮૫૪ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| કાંગ | ૪૦૦ | ૪૯૨ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૨૭ | ૧૩૯૪ |
| કપાસ સીગ્રેડ | ૬૪૫ | ૮૧૫ |
| ચણા | ૯૬૮ | ૯૬૮ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૫૦ | ૫૮૨ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૬ |
| મગ | ૧૩૦૦ | ૧૪૧૫ |
| અડદ | ૬૫૦ | ૧૩૭૫ |
| તુવેર | ૮૦૦ | ૧૩૮૦ |
| વાલ | ૮૦૦ | ૧૧૮૫ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| મગફીળી જીણી | ૭૦૦ | ૯૪૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૯૮૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૮૩ |
| રાયડો | ૯૨૫ | ૧૦૬૦ |

| | | |
|---|---|---|
| રાઇ | ૯૭૫ | ૧૨૦૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૫ |
| જીરૂ | ૨૪૦૦ | ૪૩૫૫ |
| અજમો | ૧૫૨૫ | ૨૬૮૦ |
| ધાણા | ૪૦૦ | ૧૨૭૦ |
| ડુંગળી | ૪૦ | ૩૧૫ |
| વટાણા | ૧૪૦૦ | ૧૬૧૫ |
| રાજમા | ૪૦૦ | ૫૯૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૬૪૦ |
| **રાજુલા** | | |
| મગફળી | ૭૫૧ | ૧૦૦૭ |
| તલ | ૪૩૨૦ | ૪૩૨૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૫ |
| બાજરો | ૪૩૦ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| જુવાર | ૬૦૧ | ૮૦૦ |
| અડદ | ૮૦૧ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૭૧ |
| એંરડા | ૧૦૧૦ | ૧૦૧૦ |
| વાલ | ૯૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૬૭૦ | ૬૭૦ |
| **મહુવા** | | |
| શીંગ નં.૩૨ | ૯૪૦ | ૧૦૧૦ |
| શીંગ નં.૩૯ | ૯૧૦ | ૯૫૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૦૨૪ |
| એરંડા | ૧૧૫૬ | ૧૧૫૬ |
| જુવાર | ૩૯૧ | ૭૪૨ |
| બાજરી | ૪૧૧ | ૫૯૩ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૬ |
| મકાઈ | ૩૯૧ | ૩૯૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મગ | ૬૪૦ | ૧૫૫૦ |
| મેથી | ૪૫૦ | ૯૦૦ |
| ધાણા | ૮૦૦ ૧૧૧૦ | |
| ચણા નં.૩ | ૯૭૦ | ૧૦૭૯ |
| ચણા દેશી | ૧૧૫૯ | ૧૧૫૯ |
| તલ | ૧૪૯૦ | ૧૮૩૫ |
| તલ કાળા | ૩૧૦૧ | ૪૨૭૦ |
| તુવેર | ૧૨૦૫ | ૧૩૦૦ |
| જીરૂ | ૨૭૧૦ | ૪૧૦૦ |
| ડુંગળી | ૯૦ | ૨૨૬ |
| ડુંગળી સફેદ | ૯૨ | ૧૯૫ |
| જમાદારી કેરી | ૧૫૦૦ | ૩૦૦૦ |
| કેસર કેરી | ૧૨૦૦ | ૨૫૦૦ |
| દેશી કેરી | ૪૦૦ | ૧૨૦૦ |

# પાકિસ્તાન સામે યુદ્ધમાં ભારત જીતી જશે પછી શું?

વિચાર વલોણું



જયવંત પંડ્યા



પહેલગામમાં થયેલા ઈસ્લામી ત્રાસવાદી આક્રમણથી સમગ્ર દેશ હતપ્રભ, શોકિત, આક્રોશિત અને આંદોલિત છે. સદૈવની જેમ આ આક્રમણમાં પણ પાકિસ્તાનનું પગેરું નીકળ્યું છે. એટલે પાકિસ્તાનને પદાર્થ પાઠ ભણાવવાના હાકલા, ડાકલા અને નગારા વાગી રહ્યા છે. પાકિસ્તાન સામે મોદી સરકારે એવા જડબેસલાક પગલાં ભર્યાં છે કે સામે ચાલીને જ પાકિસ્તાન યુદ્ધ છેડી દે તેવી પૂરી સંભાવના છે. સૌથી મોટું પગલું તો સિંધુ જળ સમજૂતીનું ક્રિયાન્વયન અટકાવી દેવાનું છે. પાણી વિના પાકિસ્તાન તરસી જાય તેવી સંભાવના છે. એટલે શાહબાઝ શરીફ ઉવાચ : પાણી અટકાવવાને યુદ્ધ જ ગણવામાં આવશે. આમેય, પાકિસ્તાની સેનાના પ્રમુખ સૈયદ અસીમ મુનીર અહમદ શાહે ૧૬ એપ્રિલે જે નિવેદન આપ્યું હતું તે આમ તો બધા સેક્યુલરોના મોઢે તમાચો હતો અને વીર સાવરકરે એ જ વાતે તો દેશને ચેતવ્યો હતો. જનરલ મુનીરે કહ્યું હતું કે કાશ્મીર પર ભારતીય આધિપત્ય સામેના કાશ્મીરી લોકોના સંઘર્ષને પાકિસ્તાન મદદ કરતું રહેશે. તેમણે પાકિસ્તાનના લોકોને કહ્યું કે તેઓ પોતાનાં બાળકોને પાકિસ્તાન નિર્માણની કથા કહેતા રહે જેથી તેમને ખબર પડે કે તેઓ (મુસ્લિમો) હિન્દુઓથી જુદા છે. પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીણાના દ્વિરાષ્ટ્રવાદની વાત કરતાં મુનીરે કહ્યું હતું કે આપણે (મુસ્લિમો) બધી રીતે હિન્દુઓથી જુદા છીએ. આપણો પંથ અલગ છે, આપણી પરંપરાઓ અલગ છે. આપણા રિવાજો અલગ છે. આપણા વિચારો અલગ છે. આપણી આકાંક્ષાઓ અલગ છે. ભારતમાં કેટલાક લોકોએ 'ગંગા જમુના તહઝીબ' (ગંગા-યમુના તો સંસ્કૃતિ છે- વિકાસની, મિલનની પરંતુ તેને તહઝીબ નામ આપી પોતાનો સિક્કો મારી દે છે)ના નામે અત્યાર સુધી દેશને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવીને રાખ્યો. શ્રી રામજન્મભૂમિ, શ્રી કૃષ્ણ જન્મભૂમિ, બાર જ્યોતિર્લિંગમાંનું કાશી વિશ્વનાથને તોડીને બનાવેલી મસ્જિદ (જેને ઈસ્લામિક પરિભાષા મુજબ જ મસ્જિદ ન કહી શકાય) જગ્યાઓ સ્વતંત્રતા પછી ન આપી, નિકાહ-તલાક-વારસાને લગતા પોતાના અલગ કાયદા રાખ્યા, રસ્તા પર નમાજને અબાધિત હક સમજ્યો, દરેક ચૂંટણીમાં કેટલા મુસ્લિમને ટિકિટ આપી તેવા સેક્યુલર પત્રકારો પાસે પ્રશ્ન કરાવી સતત ડરાવે રાખ્યા કે મુસ્લિમો દુ:ખી થઈ જશે તો સત્તા નહીં મળે, જ્યારે નાની એવી પણ વાત બની કે રસ્તા પર હિંસા કરવા આવી ગયા, એ પછી પાકિસ્તાનમાં તેના અત્યાચારી સરમુખત્યાર ઝિયા ઉલ હકનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ જ કેમ ન હોય, એ વિદેશમાં રહેતા સલમાન રશ્દીના પુસ્તક 'સેતાનિક વર્સિસ'નો વિવાદ જ કેમ ન હોય. સરકારો પણ સતત ડરેલી રહી. અથવા પોતે ડરે છે તેવું બતાવતી રહી. એટલે શાહબાનો નામનાં વૃદ્ધાને તલાક પછી ભરણપોષણ મળવું જોઈએ તેવું સર્વોચ્ચના ખરેખર નીડર ન્યાયમૂર્તિઓએ ચુકાદો આપ્યો તો તેને કટ્ટરપંથીઓના દબાણમાં આવીને ૪૧૪ની તોતિંગ બહુમતીના બળે પલટાવી નાખવા રાજીવ ગાંધીએ સંસદમાં કાયદો બદલાવી નાખ્યો.

પોતાના વિસ્તારમાંથી, મસ્જિદ સામેથી હિન્દુ તહેવારો પર શોભાયાત્રા ન નીકળી શકે, નીકળે તો પથ્થરમારો થાય. તેમના દાનને લગતાં બૉર્ડ – વક્ફ બૉર્ડ, ગમે તે ભૂમિ પર પોતાનો દાવો ઠોકી શકે અને એ દાવાને ન્યાયાલયમાં પડકારી ન શકાય. એને પડકારવા એમના જ નિર્ણાયકો (જજો)ના બનેલા ટ્રિબ્યૂનલમાં જવું પડે. હિન્દુ યુવક અને મુસ્લિમ યુવતીની પ્રેમકથાને વાસ્તવમાં તો ન જ ચલાવી લે પણ ફિલ્મી પડદે 'બોમ્બે' દ્વારા આવે તો પણ એ ન સાંખી શકે અને રમખાણો કરે. એમની ઈદ હોય ત્યારે મુસ્લિમોના મતોના લોલુપ સત્તાધીશ મમતા બેનર્જી પાસે દુર્ગા પૂજા પર પ્રતિબંધ મૂકાવે. અને માનો કે પ્રતિબંધ ન હોય તો દુર્ગા પૂજાના પંડાલ પર બાંગ્લાદેશમાં થાય છે તેમ આક્રમણ કરે, તોડફોડ કરે, મૂર્તિઓ તોડી નાખે.

મુનીરે આ જ વાત તો કહી છે. વક્ફ બૉર્ડ સુધારા અધિનિયમ પસાર થઈ ગયા પછી પ. બંગાળના મુર્શિદાબાદમાં એ જ બન્યું જે બાંગ્લાદેશમાં અમેરિકાના લેફ્ટ-લિબરલ બિલ ક્લિન્ટન-બાઈડેનના પીઠ્ઠુ મોહમ્મદ યુનૂસના સત્તામાં આવ્યા પછી ગયા જુલાઈ-ઑગસ્ટમાં બન્યું હતું. વક્ફ બૉર્ડ સુધારા અધિનિયમ પસાર કર્યો સરકારે. પરંતુ તેનો આક્રોશ કાઢ્યો હિન્દુઓ સામે. હિન્દુ મહિલાઓને કહ્યું કે જો તમારે તમારા પતિ અને બાળકોને બચાવવા હોય તો અમને તમારા પર બળાત્કાર કરવા દો. આવી જ જિહાદ કાશ્મીરમાં – શ્રીનગરમાં ૧૯૯૦માં થઈ હતી. હિન્દુ મહિલાઓ પર બળાત્કાર થયાં. હિન્દુ પુરુષોની હત્યા કરાઈ. પડોશી મુસ્લિમે જ હિન્દુ પડોશી ક્યાં સંતાયો છે તેની માહિતી જિહાદીઓને આપી દીધી. મસ્જિદોમાંથી 'રલીવ, ગલીવ, ચલીવ'નો આદેશ નીકળતો હતો – કાં તો મુસ્લિમ બની જાવ, કાં મરો અથવા અહીંથી ભાગી જાવ. ચલણી નૉટ પણ પાકિસ્તાનની ચાલતી હતી. અને કેટલાક મુસ્લિમો અથવા તેમના ઠેકેદાર સેક્યુલરો કહે છે કે ભારત પ્રિય હતું એટલે અમે/તેઓ અહીં રહી ગયા. અહીં રહી ગયા તો હૃદયમાં પાકિસ્તાન કેમ વસેલું છે? બીજું પાકિસ્તાન બનાવવા? ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ હોય ત્યારે પાકિસ્તાનની જીત કેમ વ્હાલી લાગે છે? પાકિસ્તાન હારે ત્યારે ભારતની જીત પર હિન્દુઓ ફટાકડા ફોડે તે કેમ સાંખી શકતા નથી? અને આ કંઈ જૂની વાત નથી. ગત ૯ માર્ચે ૨૦૨૫ના દિને ભારતે ન્યૂઝીલેન્ડ સામે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રૉફીમાં જીત મેળવી ત્યારે ગાંધીનગરના દહેગામમાં હિન્દુઓ દ્વારા જીતની ઉજવણીને મુસ્લિમો સાંખી શક્યા નહોતા અને ઉગમણોવાસ મસ્જિદ પાસેથી પથ્થરમારો કરવા લાગ્યા હતા. આ શું બતાવે છે? એ જ ને કે હજુ પણ તેઓ ભારતને પોતાનું નથી માનતા.

એટલે મુનીરે ૧૬ એપ્રિલે આપેલા ભાષણનો પડઘો ૨૨ એપ્રિલે પહેલગામમાં પડ્યો. જ્યાં ક્યારેય આક્રમણ ન થયું હોવાથી સુરક્ષા દળોની ચુસ્ત નિયુક્તિ નહોતી (અને વળી ત્યાં ખચ્ચરથી જઈ શકાય છે) ત્યાં પાકિસ્તાનના મોકલેલા ત્રાસવાદીઓએ પર્યટકોમાં હિન્દુ અને મુસ્લિમોને અલગ કર્યા. નામ પૂછી-પૂછીને અને કલમા બોલતા આવડે છે (કલમાનો અર્થ થાય છે કે અલ્લાહમાં જ વિશ્વાસ છે તેવી જાહેરાત) કે નહીં તેના આધારે વીણીવીણીને ગોળીએ દીધા અને ગોળીએ દીધા પછી પણ જીવ તો નથી રહી ગયો ને? તે જોવા ઊભા રહ્યા.

પ્રશ્ન તો સરકાર સામે છે જ અને પૂછાવા જોઈએ જ. જો બાઈડેન સરકારના દબાણમાં અને તેના કારણે લેફ્ટ લિબરલ ન્યાયાધીશોએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી કરાવવા આપેલા આદેશ મુજબ, ત્યાં ચૂંટણી કેમ કરાવી? અનુચ્છેદ ૩૭૦ હટી ગયા પછી રાજ્યમાંથી કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયેલા કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન હતું તે બરાબર હતું. સીધું નિયંત્રણ તો હતું જ. જોકે ૨૦૧૯માં ૩૭૦ દૂર થયા પછી પણ છાશવારે ત્રાસવાદી આક્રમણો થતા હતા અને ઉત્તર પ્રદેશ અને બિહારથી ત્યાં કામ કરવા જતા શ્રમિકોની આવી જ નૃશંસ હત્યા થતી હતી પરંતુ તેના કોઈ વીડિયો નહોતા બનતા, ન તો શ્રમિકોની પત્ની કે પરિવારજનો, ૨૨ એપ્રિલે પહેલગામમાં માર્યા ગયેલા પર્યટકોની પત્ની જેવી બોલકી હતી કે જેનાથી ૨૨ એપ્રિલના પહેલગામ આક્રમણની જેમ વેદના વ્યક્ત કરીને લોકોમાં આક્રોશ જગવી શકે.

ખબર જ હતી કે ત્યાં ચૂંટણી થશે તો કાં તો નેશનલ કૉન્ફરન્સ આવશે અથવા તો પીડીપી આવશે. નેશનલ કૉન્ફરન્સના સ્થાપિક શૈખ અબ્દુલ્લા, તેમના પુત્ર ફારુક અબ્દુલ્લા અને તેમના પુત્ર ઓમર અબ્દુલ્લાએ જમ્મુ-કાશ્મીરની ઘોર ખોદી છે. કાશ્મીરનું ઈસ્લામીકરણ કરી નાખ્યું. ઉર્દૂ થોપી દીધી. ત્યાંના લોકોમાં પાકિસ્તાન પ્રેમ જગવી દીધો. અલગાવવાદીઓને જન્મવા, ઉછેરવા અને મોટા થવા દીધા. ૧૯૯૦ના હિન્દુ નરસંહાર જેવું બને ત્યારે કાશ્મીરને રેઢું મૂકીને ફારુક અબ્દુલ્લા લંડન ભાગી ગયેલા. તે વખતે રાજ્યપાલ જગમોહન પણ હજુ શ્રીનગર પહોંચ્યા નહોતા. વિચાર કરો, કેટલું રેઢું કહેવાય. ત્યાં ન તો મુખ્ય પ્રધાન હતા, ન તો રાજ્યપાલ ! પરંતુ ભાજપના વીર – હિન્દુ હૃદય સમ્રાટોથી માંડીને ન્યૂઝ એન્કરો સુધીના બધા ફારુક સાહબ, ફારુક સાહબ કહેતા રહે છે અને ફારુક અબ્દુલ્લા ક્યારેક વળી શ્રી રામ ભજન ગાઈને 'ગજિની'ના આમીર ખાન જેવા વિસ્મૃતિનો શાપ પામેલા હિન્દુઓને પ્રસન્ન કરી દે છે.

ઉકેલ શું? પાકિસ્તાન સાથે યુદ્ધ? ના. શું કરશો યુદ્ધ કરીને? યુદ્ધ થશે એટલે મોંઘવારી વધશે. એટલે એ જ ન્યૂઝ એન્કરો અને એ જ કૉંગ્રેસી-આઆપિયાઓ, એ જ 'તટસ્થ' વિશ્લેષકો મોંઘવારીના નામે છાજિયા લેશે. યુદ્ધ થશે એટલે ઈન્ટરનેટ બંધ થશે અને એટલે યુવાનો સરકારને ગાળો આપશે કે ઈન્ટરનેટ કેમ બંધ કરી દીધું?

અને માનો કે પાકિસ્તાનને હરાવી દીધું તો શું આ સમસ્યાનો ઉકેલ આવી જવાનો છે? એ ન ભૂલવું જોઈએ કે ભારતીય ઉપખંડમાં આજે જે ભૌગોલિક સીમાડાઓ છે તે દરેક પ્રદેશ- આજનું ભારત, પડોશનાં પાકિસ્તાન-બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન, નેપાળ અને મ્યાનમાર અને શ્રીલંકા પણ ખરાં – તે એક સમયે હિન્દુ પ્રદેશો જ હતા. અખંડ ભારત હતું. તેના ટુકડા કેમ થયા? કેમ લોકો વટલાતા ગયા? કોઈ તલવારના જોરે તો કોઈ વેપાર-પૈસાની લાલચે, તો કોઈ મહિલાઓના શિયળ બચાવવા. કોઈ સત્તાને પ્રિય થવા. અને જેટલા લોકો વટલાયા તેમાંથી મોટા ભાગના મહેમૂદ ગઝની, ઘોરી અને ઔરંગઝેબ કરતાંય કટ્ટર બન્યા. તેમણે અલગ પાકિસ્તાન લીધું, અલગ બાંગ્લાદેશ લીધું અને આ બંને દેશ બન્યા પછી ભારત સામે જ પડ્યા. જેઓ ભારતમાં રહી ગયા તેઓ પણ પાકિસ્તાન પ્રેમ દાખવતા રહ્યા અને ન્યાયાલયો પણ આદેશ આપતી રહી કે પાકિસ્તાન તરફે સૂત્ર પોકારવા એ દેશદ્રોહ નથી, પાકિસ્તાનને સ્વતંત્રતાની શુભેચ્છા આપવી એ અપરાધ નથી. (કાશ્મીરના વરાહમૂળ એટલે કે આજના બારામુલ્લાના પ્રાધ્યાપક જાવેદ અહેમદ હજમનો કેસ)

આજે ભારતમાં કેટલી જગ્યાએથી હિન્દુઓને ભગાડીને એ વિસ્તારોને મિની પાકિસ્તાન બનાવાયા છે? બન્યા તેની સામે આંખ મીંચામણાં થયાં છે? મસ્જિદમાં વિદેશથી કોણ આવે છે તેની કોઈ જાણકારી હોય છે સરકાર પાસે? પોલીસ પાસે? પોલીસ પણ ત્યાં જઈ શકે છે? જૂનાગઢમાં દરગાહનું ગેરકાયદે દબાણ હટાવવા જતા પોલીસ પર પથ્થરમારો થાય છે. અમદાવાદમાં સીએએ વિરોધી પ્રદર્શનમાં પોલીસ કટ્ટરવાદી હિંસાનો ભોગ બને છે. આ બધાનું મૂળ છે ઉત્તર પ્રદેશનું દારુલ ઉલૂમ દેવબંધ, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, જામિયા મીલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી અને મદરેસાઓ. ત્યાંથી જ પાકિસ્તાનનો વિચાર જન્મ્યો. ત્યાંથી જ તાલિબાનો જન્મ્યા. અને તમારે તમારું ઉત્પાદન વેચવું હોય તો હલાલ સર્ટિફિકેટ મેળવવું પડે. તે મેળવવા પૈસા ચૂકવવા પડે અને તે પૈસામાંથી આવા હિંસા કરનારા મુસ્લિમ આરોપીઓને છોડાવાય છે.

દિલ્લીમાં સીએએ વિરોધી હિંસામાં મુસ્લિમ કબાડીને રાતોરાત જામીન મળી ગયા હતા. આવા કેસોમાં કપિલ સિબલ, અભિષેક મનુ સિંઘવી, પ્રશાંત ભૂષણ, ઈન્દિરા જયસિંહ જેવાં દિગ્ગજ વકીલો પોતાનું વજન મૂકી દે છે. પોતાની વગ વાપરે છે. ખાલી મળવા જાવ તો લાખો રૂપિયા લેતા આ વકીલોની સર્વોચ્ચમાં હાજરી આપવાની ફી ક્યાંથી આવે છે? કોણ ચૂકવે છે?

અને કેટલાંક મોટાં મીડિયા પણ 'અમન કી આશા'ના નામે પાકિસ્તાનીઓને સારા ગણાવતું રહ્યું. કોઈ અપરાધમાં વર્ગ વિશેષની વ્યક્તિ હોય તો નામ જ 'બેધડક' નહીં છાપવાનું પણ હા, કોઈએ સારું કામ કર્યું હોય તો હેડિંગમાં નામ છાપવાનું. શાહરુખ ખાન-ફરાહ ખાન જેવા 'મૈં હૂં ના' જેવી ફિલ્મ બનાવી પાકિસ્તાનને શાંતિપ્રિય દેશ અને સેનાના હિન્દુ અધિકારી (જેનું નામ પણ પાછું રાઘવન દત્તા હોય – શ્રી રામ પરથી નામ હોય)ને આતંકવાદી બતાવવાનો !

હવે તો ટી.વી. ડિબેટમાંય, ગમે તેને સુરક્ષા નિષ્ણાત અને સેનાના પૂર્વ જવાન કે અધિકારી તરીકે બેસાડી દેવાય છે અને તેમાંય ડાબેરી-ઈસ્લામવાદી તો હોય ને એટલે યુદ્ધની વાત થાય તો પાકિસ્તાન પાસે પણ ઓછાં શસ્ત્રો નથી અને અગાઉની સરકારો વખતે પણ સર્જિકલ સ્ટ્રાઈક થઈ હતી તેવા સૂરો ચલાવે. આવા લોકો સેનાના અધિકારીઓ-જવાનો તો ઠીક, પણ જનતાનું મનોબળ તોડવાનું કામ કરતા હોય છે.

અને એટલે જ પાકિસ્તાન કરતાં વધુ ભય છે ભારતની અંદરથી. માનો કે પાકિસ્તાન નામના ગુમડાની યુદ્ધરૂપી શસ્ત્રક્રિયા કરી સદા માટે ઉકેલ લાવી દીધો, તો બાંગ્લાદેશમાંથી આક્રમણ થશે, અફઘાનિસ્તાનમાંથી થશે, નહીં તો ભારતના મુર્શિદાબાદ, હૈદરાબાદ- આવા બધા 'આબાદ'માંથી જ્યાં દેશને બરબાદ કરવાનાં સપનાં સેવતા લોકો આક્રમણ કરશે. માટે જ જ્યાંથી આ કટ્ટરવાદી વિચારસરણી જન્મે છે તે શિક્ષણનો અંત લાવવો પડે. રાષ્ટ્રભક્ત વિદ્વાન રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાન તો કહે જ છે કે ભારતમાં જે અનુવાદિત કુરાન ભણાવાય છે તે મૂળ કુરાન સાથે સુસંગત નથી. વસીમ રિઝવીમાંથી જિતેન્દ્ર ત્યાગી બનેલા ઉત્તર પ્રદેશના પૂર્વ મુસ્લિમે કુરાનમાંથી વાંધાજનક ૨૬ આયાતો દૂર કરવા સર્વોચ્ચમાં યાચિકા કરી હતી પરંતુ જલ્લીકટ્ટુ, જન્માષ્ટમી, દિવાળી, મકરસંક્રાંતિ પર હિન્દુઓને આદેશ આપતાં ન્યાયાતંત્રએ એ યાચિકા ફગાવી દીધી. આ કામ આમ તો સ્વતંત્રતા પછી જ થઈ જવું જોઈતું હતું પરંતુ સ્વતંત્રતાનાં ૭૮ વર્ષેય નથી થઈ શક્યું.

હિન્દુઓને તો અહિંસા પરમો ધર્મ:ના પાઠ ભણાવી ભણાવી નપુંસક બનાવી દેવાયા. ગાંધીજીએ રઘુપતિ રાઘવ રાજા રામમાં ઈશ્વર અલ્લાહ તેરો નામ ઘૂસાડ્યું, મોરારી બાપુએ કથામાં 'અલી મૌલા' કીર્તન ઘૂસાડ્યું (અને તોય તેમની કથા માટે ગયેલા ભાવનગરના યતીન પરમાર અને તેમના દીકરા સ્મિત પરમારને ત્રાસવાદીઓએ મારી નાખ્યા), પરંતુ સામા પક્ષે આવું થયું નહીં અને એટલે ૨૦૦૨ જેવા અપવાદોને બાદ કરતાં હિન્દુ સદા માર ખાતો રહ્યો. ને માર ખાતા રહ્યા ખ્રિસ્તીઓ, બૌદ્ધો, રાષ્ટ્રભક્ત મુસ્લિમો જેમને વક્ફ બૉર્ડ સુધારા અધિનિયમ પસંદ છે, જેમને ભારત જીતે તે પસંદ છે, જેમને દિવાળી પણ મનાવવી છે, જે યુવતીઓને હિન્દુ યુવક પસંદ છે. ■


jaywant.pandya@gmail.com


# ધર્મ પૂછીને વોટ અને ધર્મ પૂછીને ગોળી.... - ચોઈસ ઈઝ યોર્સ

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

કાનપુરના શુભમ દ્વિવેદીને આતંકીઓએ પહેલા નામ પૂછ્યું, અને પછી પત્ની એશાન્યાની સામે શુભમને ગોળી મારી દીધી, પત્નીએ કહ્યું કે મારા પતિને તો મારી નાખ્યા... મને પણ મારી નાખો, આતંકીએ જવાબ આપ્યો... "તુમ્હે નહિ મારેંગે.... જસ્ટ ગો એન્ડ ટેલ મોદી..." મનીષ રંજન બિહારના રહેવાસી છે. તેઓ આઈબીમાં સેક્શન ઓફિસર છે. છેલ્લા ૨ વર્ષથી હૈદરાબાદ કાર્યાલયમાં પોસ્ટેડ હતા. મનીષને તેની પત્ની અને બે બાળકોની સામે આતંકવાદીઓએ મનીષ રંજનને ગોળી મારી દીધી હતી. દિનેશ મીરાનીયા રાયપુરથી સ્ટીલ ઉદ્યોગપતિ હતા. લગ્નની વર્ષગાંઠ ઉજવવા પરિવાર સાથે ત્યાં ગયા હતા. પત્ની, પુત્ર અને પુત્રીની સામે દિનેશને ગોળી મારી દેવામાં આવી, પરિવાર એટલો નજીક હતો કે ગન પાઉડરના છાંટા પરિવાર પર ઉડ્યા.... જેના કારણે પત્નીના ચહેરા પર ઘા પણ પડ્યો.

લેફ્ટનન્ટ વિનય નરવાલ ૩ વર્ષ પહેલા જ નૌકાદળમાં જોડાયા હતા અને સાત દિવસ પહેલા જ લગ્ન થયા હતા. યુરોપના વિઝા ન મળવાથી તેઓ હનીમૂન માટે કાશ્મીર ગયા હતા. પરિવારે વાયદો કર્યો હતો કે તેઓ પાછા ફરશે ત્યારબાદ એક મોટી પાર્ટી રાખવામાં આવશે. પત્નીએ કહ્યું કે આતંકવાદીઓએ પહેલા નામ અને ધર્મ પૂછ્યા અને પછી ગોળી મારી દીધી. "એકે કહ્યું કે મુસલમાન અલગ થઈ જાઓ અને હિન્દુ અલગ થઈ જાઓ. પછી હિન્દુ પુરુષોને બંદૂકથી ગોળી મારી દીધી અને પછી અચાનકથી તે જતા રહ્યા. પછી બધાએ કહ્યું કે, બાળકો બધા ભાગો નીચે. પછી અમે નીચે ભાગી ગયા. મમ્મી અને બહેને મને ઘોડા પર બેસાડી દીધો અને હું ઘોડાથી નીચે આવ્યો અને મમ્મી અને બહેન ચાલતા ઉતરીને નીચે આવ્યા હતા." – નક્ષ કળથીયા (મૃતક શૈલેશ કળથીયાનો દીકરો.)

આવા સતાવીસ જિંદગીના સતાવીસ કરુણ પેરેગ્રાફ પહેલગામના એ ખુલ્લા મેદાનમાં આતંકવાદીઓની બંદૂકના નાળચેથી લખાઈ ગયા.

"આભાર પાકિસ્તાન, આભાર લશ્કર-એ-તૈયબા, અલ્લાહ તમને હંમેશાં આશીર્વાદ આપે, આમીન, આમીન. જો આર.એસ.એસ., બીજેપી, બજરંગ દળ અને મીડિયાને નિશાન બનાવવામાં આવે તો અમને વધુ ખુશી થશે. " – બોકારોથી મો. નૌશાદ. "તમે આ આતંકવાદી કૃત્યને જુઓ તો આતંકવાદીઓ લોકોની ઓળખ જાણવા માંગતા હતા, કારણ? તેનું કારણ છે દેશમાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ઊભી થયેલી ખાઈ. જેનાથી આ પ્રકારનાં સંગઠનોને લાગે છે કે હિન્દુઓ મુસ્લિમો માટે સમસ્યાઓ સર્જી રહ્યા છે. કોઈની ઓળખ જાણીને પછી તેની હત્યા કરવી, એ વડાપ્રધાન માટે એક સંદેશ છે, કારણ કે મુસ્લિમો નિર્બળતા અનુભવી રહ્યા છે." – દિલ્હીથી રોબર્ટ વાડ્રા.

ઉપરની બધી ઘટનાઓ સંકલિત છે. પહેલા પાંચ બનાવો આતંકી હુમલાના ભોગ બનેલ પરિવારના છે, જયારે નીચે આ હુમલાની બે પ્રતિક્રિયા છે, જે બંનેનો સુર લગભગ સરખો છે. બોકારોનો મુસ્લિમ યુવાન આ હુમલા બદલ આતંકી સંગઠનો અને પાકિસ્તાનનો આભાર માની રહ્યો છે, જયારે રોબર્ટ વાડ્રા આતંકીઓ જે બોલ્યા તેનું સુક્ષ્મ અર્થઘટન કરીને વડાપ્રધાનને સંદેશ આપી રહ્યા છે. જે સંદેશ આતંકીઓ આપવા માંગતા હતા. આવી ઘણી પ્રતિક્રિયાઓ હિન્દુસ્તાનમાં ઉઠવા પામશે. વિષ્ટા પર પાણી પડે અને જેમ ગંધાઈ ઉઠે એ પ્રકારનો આ દુઃખદ બનાવ છે. હિન્દુસ્તાનની બૌદ્ધિક અને સેક્યુલર વિષ્ટા હવે તેની દુર્ગંધ છોડશે.

હિન્દુસ્તાનમાં કોઈપણ જગ્યાએ આતંકવાદી હુમલો થાય એટલે બે ભાગમાં ચર્ચાઓ થવા લાગે છે. એક વર્ગ જેને આતંકી હુમલાથી ખરેખર પીડા થઈ હોય છે, અને બીજો વર્ગ કે જે આવા હુમલામાં સંમત હોય કાં તો જેને આતંકવાદીઓ પર કાર્યવાહીથી પીડા થતી હોય છે. હિન્દુસ્તાનમાં આજે પણ પોતાની રાજકીય સામાજિક આગેવાન તરીકેની રોટલી શેકવા તૈયાર એક નપુંસક વર્ગ છે જેને આતંકવાદીઓ પ્રત્યે કુણી લાગણી છે. એક છ હજારનો મોબાઈલ હાથમાં લઈને તેમાં ઓગણીસ રૂપિયાનું ડેઈલી રીચાર્જ કરાવીને ઘરની બહાર નીકળી જતો એક જંતુ કક્ષાનો માણસ જે આવી ઘટના અંગે વિવેકબુદ્ધિ ધરાવતો નથી, એ પોતાનો અભિપ્રાય બેધડક બોલી જાય છે. વેશ્યાના દલાલ જેવી પ્રતિષ્ઠા ધરાવતો વ્યક્તિ જયારે નેતા થવા માગે ત્યારે એક સરળ રસ્તો શોધે છે, બહુમત હિન્દુઓને ગાળો આપીને પોતે ચમકમાં રહી શકે છે. એ આમ કરી શકે છે કારણકે હિન્દુઓમાં પણ ઘણા ખચ્ચર જેવા નપુંસક નેતાઓ છે જે આમને આવકારવા તૈયાર હોય છે. પરિણામે નેતાગીરીમાં પણ એક વર્ગ ઉભો થઈ જાય છે જે આવા સમયમાં પણ તક શોધતા ફરે છે. આવા બનાવો વખતે વર્ષોથી ભારત અને ઈઝરાયેલની સરખામણી થતી રહે છે. ઈઝરાયેલના નેતાઓની, ઈઝરાયેલની જાસૂસી સંસ્થાની, ઈઝરાયેલની લશ્કરી તાકાતની સરખામણી થાય છે. પણ એક પરિમાણ પર સરખામણી કરવાની છૂટી જાય છે... પ્રજા.

ત્યાં હિન્દુસ્તાનના દંભી સેક્યુલરો, દેશદ્રોહી કક્ષાના વામપંથીઓ, અને ગદ્દાર બૌદ્ધિકો જેવા નમકહરામો અને હરામખોરો નથી. દોગલા નેતાઓ નથી. દેશહિતના ભોગે વોટબેન્કની રાજનીતિ નથી. ત્યાં આવા સમયે સરકારની પડખે ઉભી રહેતી પ્રજા અને વિપક્ષ છે. તમારો નેતા જે જવાબ આપે તેના પરિણામ માટે તૈયાર રહેવું પડે છે. અગર કાયમી શાંતિનો વિકલ્પ એક યુદ્ધ જ હોય તો એ એક વખત કરી નાખવું પડે છે. વારેવારે ખુવાર થતી પ્રજા એક વખત સામટું ખુવાર થઈ જાય છે, પરિણામ ભાવિ પેઢીઓને શાંતિ અને સમૃદ્ધિના દ્વાર ખોલી આપે છે. હિન્દુસ્તાનનો હિન્દુ દાયકાઓથી ભાઈચારાના અફળ ઝાડવે બેઠો છે. એ ઝાડના છાયેથી ઉભા થઈને થોડો સંઘર્ષનો તડકો ખાઈ લેવાનો સમય છે. ■


production@infiniumpharmachem.com


-:: ક્વિક નોટ ::-

**'જે પ્રજા ઈતિહાસ પાસેથી કાઈ શીખવા માંગતી નથી, ઈતિહાસ એને એક જ સજા કરે છે, એણે ઈતિહાસ ફરીથી જીવવો પડે છે.' – એક અંગ્રેજી કહેવત.**

# દિલ હૈ કી માનતા નહી...કેમ ?

હાસ્યાય નમ:



ડૉ. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) જીવન રૂપી કરંડિયામાં આપે હુંપદ, વ્યસન, આળસ, વાઈડાઈ, સંગ્રહી શા માટે રાખ્યા છે ?

ડાહ્યાભાઈ આદ્રોજા(લીલિયા મોટા)

આજુબાજુમાં ક્યાંય ભાગવત સપ્તાહ બેઠી છે કે ટીવી પર ભૂલથી ધાર્મિક ચેનલ જોવાઈ ગઈ છે?

(૨) દિલ હૈ કી માનતા નહીં...કેમ ?

જીગર આહીર (દાત્રાણા- પાટણ)

જવાબ એ ગીતમાં જ છે:મૈ જાનતા હી નહી!

(૩) પૂજાપાઠ સમયે બગાસું આવે તો શુ કરવું?

કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)

પહેલા નિરાંતે બગાસાં ખાઈ લેવા પછી પૂજાપાઠમાં બેસવું.

(૪) પૈસા કમાવા ધંધો કરવો કે રાજકારણમાં આવવું?

શંભુ ખાંટ 'અનિકેત' (પાટયો અરવલ્લી)

આમાં જવું હોય તો પૈસા ગુમાવવાની પણ તૈયારી રાખશો.

(૫) ચાંદા મામા તો છે પણ મામી ક્યાં?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

મળવા ગયા છે.

(૬) આ ટેરિફનું શું કરવું?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

તારિફ.

(૭) તમાકુવાળા મસાલાને ઘણાં લોકો માવો શાં માટે કહે છે?

યોગેશભાઈ આર જોશી (હાલોલ:જિ.પંચમહાલ)

કારણ કે મસાલો માગે તો ઘણા વેપારી ચામાં નાખવાનો મસાલો આપી દે છે.

(૮) તમારા મતે મધ્યમ વર્ગ કોને કહેવાય?

વર્ષાબેન પંપાણીયા (રાજુલા)

જે રોજ સવારે અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયા જવાની વાતો કરે અને સાંજે નજીકની હનુમાનદાદાની દેરીએ જઈને દર્શન કરી આવે એ.

(૯) પત્ની સાથે ફોટો પડાવતી વખતે ફાંદ અંદર ખેંચીને ઊભા રહીએ તો ચાલે ?

કનુભાઈ પરમાર (દામનગર)

એમાં કુપોષણથી પીડાતા હો એવું લાગશે. શક્ય હોય તો પાસપોર્ટ સાઈઝના ફોટાથી ચલાવો.

(૧૦) મામાનું ઘર કેટલે દિવો બળે એટલે આનો અર્થ શું થાય ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

એનો અર્થ એમ કે મામા સાવ દેશી છે અને હજુ લાઈટ વાપરતા નથી.

(૧૧) અજબ અને ગજબ વચ્ચે શું તફાવત હશે!?

કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ)

તમે ગજબ જવાબ મળશે એવી આશાએ અજબ પ્રશ્ન પૂછ્યા કરો છો અને હું ક્યારેક અજબ સવાલ આવશે એવી આશાએ ગજબ જવાબ આપ્યા કરું છું. બસ આજ અજબગજબ!

(૧૨) સાહેબ..! પ્રજ્ઞાચક્ષુ રાતે સૂઈ જાય પછી એને સવારમાં ખબર કેમ પડે કે સવાર થઈ ગયુ..!

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

એમના માટે ભગવાને કૂકડાની વ્યવસ્થા કરી છે!

(૧૩) એક પ્રકાશ બી. દવે નામના બીજા પણ લેખક છે. તમે નામ આગળ ડૉ. લખ્યું પણ એ ડોક્ટર થશે ત્યારે તમે શું કરશો?

વાસુદેવભાઈ સોઢા (અમરેલી)

તમારી ચિંતા વાજબી છે પણ એ ડોક્ટર થશે ત્યાં સુધીમાં હું બીજીવાર પીએચ.ડી. કરીને ડૉ.ડૉ. લખવા માંડીશ!

(૧૪) બોલે એના બોર વેચાય અને ન બોલવામાં નવ ગુણ... આવી ડબલ કહેવત કેમ છે?

ભાવિકા પરમાર (ધિણોજ)

એક કહેવત પતિ માટે અને બીજી પત્ની માટે છે. હવે પાછું એમ ન પૂછતા કે કઈ કહેવત કોના માટે છે?!

(૧૫) તમારા ઘરેથી કોઈ સવાલ પૂછે તો એમને રાહ જોવી પડે છે કે તરત જવાબ આપી દયો છો?

એકતા અક્ષય મેરુલિયા (ભાવનગર)

એ પૂછે એ પહેલા જ જવાબ આપી દઉં અને પછી હું સવાલની રાહ જોયા કરું! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# મહાનગરો મોતના કૂવા છે ને જંગલો જિંદગીના વરદાન છે

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

એક જમાનામાં નામ પ્રમાણે આપડો અમરવલ્લી પ્રદેશ ખરેખર લીલ્લોછમ હતો હવે એ ઝાંખો પડ્યો છે. તો પણ ગુજરાતના બીજા વિસ્તારોની તુલનામાં આપડો મલક કુદરત તરફ કંઈક વધારે ઢળેલો છે. આપણા આજના વિશ્વનો લગભગ નેવુ ટકા માનવ સમુદાય એવો છે કે જે પર્યાવરણને સૌથી વધુ અરસિક વિષય માને છે. તેઓ જાણતા નથી કે એ રીતે તેઓ તેમના પોતાના જ સંતાનોને ધિક્કારી રહ્યા છે. જેઓ પોતાના બાળકોને ચાહી શકે છે તેઓ તો આ સંસારના દરેક શિશુને વહાલ કરી શકે છે. પરંતુ બાળકોને ચાહવાનો અર્થ હવે બદલાયો છે.



થોડાં કપડાં, કોઈ રમકડાં અને ચોકલેટ એ બાળકો પ્રત્યેનો આપણો ખરો પ્રેમ નથી. પ્રેમ એ છે કે આપણે એમને માટે સહેજ વધુ સારી પૃથ્વી છોડતા જઈએ. આ વિચારધારા સ્વીડનની એક સોળ વરસની દીકરી ગ્રેટા થનબર્ગની છે. ગ્રેટા છેલ્લા બે વરસથી સર્વ દેશોના સત્તાધીશો સામે નૈતિક યુદ્ધે ચડી છે. સોળ વરસની ઉંમરે એના ચહેરા પર જે ખિન્નતા છે એ કોઈ આક્રમક સેનાપતિના મિજાજને રજૂ કરનારી છે. દુનિયાના વર્તમાન શાસકો અને પુખ્ત નાગરિકોએ વસુંધરાની જે અવદશા કરી છે એનો પૃથ્વી વતી જે ક્રોધાગ્નિ પ્રગટવાનો છે એની પ્રથમ જ્વાળા ગ્રેટાની વાણીમાં દેખાય છે. જ્વાળામુખી પરની ધૂમ્રસેરને જેઓ જોતાં નથી તેઓ લાવાનો ભોગ બને છે. ગ્રેટા આખી દુનિયાને પર્યાવરણ માટે જગાડવા નીકળેલી એક કન્યા છે.

ગ્રેટા થનબર્ગની ઉંમર તો અરીસા સામે ઊભા રહેવાની છે. એના બદલે એણે આ દુનિયાને અરીસો ધર્યો છે અને આપણા પૃથ્વી પરત્વેના ઘોર હનન કર્મો તરફ જોવા કહ્યું છે. ગ્રેટાએ એની જ ઉંમરના વિદ્યાર્થીઓનું એક આંતરરાષ્ટ્રીય વર્તુળ રચી લીધું છે. એણે પર્યાવરણની તરફેણમાં અનેકવાર દેખાવો પણ કરેલા છે. છેલ્લા એક વરસથી આંતરરાષ્ટ્રીય સંશોધન જર્નલોમાં એના નોંધ જેવા નાના લેખો પણ છપાતા રહ્યા છે. આ એક ટીનેજર પર્યાવરણ એક્ટિવિસ્ટ છે. જો કે સૌરાષ્ટ્રમાં પણ પર્યાવરણ એક્ટિવિસ્ટોની સંખ્યા ઓછી નથી. ગ્રેટાના થોડા વાક્યોએ મહાસત્તાઓના કાનમાં ધાક પાડી દીધી છે.

ઉપરાંત જે આવેશ અને ક્રોધ સાથે, છતાં સ્થાયી ભાવની સ્વસ્થતા સાથે એ જે કંઈ બોલે છે એણે અનેક દેશોને વિચારતા કરી મૂક્યા છે. ગ્રેટાએ તમામ રાજનેતાઓએ બદલાતા પર્યાવરણને સમજવામાં ગોથા ખાધા હોવાની વાત કરી છે. ગ્રેટાનો મુખ્ય આરોપ એ છે કે નેતાઓની દાનત જ સારી ન હોવાથી ગ્રીન હાઉસ ગેસ સાથે પનારો પાડવામાં તેઓ નિષ્ફળ નીવડ્યા છે. આ નેતાઓએ નવી પેઢી સાથે વિશ્વાસઘાત કર્યો છે. એણે બહુ કડક અવાજે કહ્યું કે હે નેતાઓ, તમે તમારી ખોખલી વાતોથી મારું શૈશવ અને મારા સપનાઓ આંચકી લીધા છે. આ એક હકીકત છે. અત્યારે જ બાળકોના દવાખાનાના ધકકાઓ બહુ વધી ગયા છે. અને દુ:ખદ રીતે એ વધવાના છે. કારણ કે આ દુનિયા બાળકોને આપવાના દૂધમાં પણ ભેળસેળ ને કૌભાંડ કરે છે. ભવિષ્ય વિકરાળ છે. છેલ્લા દસ વરસથી અમરેલીના રસ્તાની જે હાલત હતી તે ખરેખર તો આપડા નેતાઓની આળસનો એક અજબ ઈતિહાસ છે. એ જ રીતે ચીનમાં કોરોના વાયરસ બતાવે છે કે માંસાહારી પ્રજાએ કદી પાછા વળીને જોયું જ નથી.

દર શુક્રવારે ગ્રેટા સ્કૂલ છોડીને જળવાયુ પરિવર્તન માટે જાગૃતિ ફેલાવવા નીકળી પડે છે. આ એક કન્યાના કહેવાથી ૧૫૦ દેશોમાં પર્યાવરણ સંબંધિત આંદોલનો થયા હતા. ગ્રેટા નવી પેઢીના તમામ લોકો પાસેથી એવી અપેક્ષા રાખે છે કે બધાએ દર શુક્રવારે માત્ર પૃથ્વીની સુરક્ષા માટે કામ કરવું જોઈએ. વિવિધ દેશોની સંસદમાં જઈને પણ ગ્રેટાએ વ્યાખ્યાનો આપ્યા છે. સ્વીડનના સંસદ ભવન સામે તો ગ્રેટાએ ધરણા ને એવા વિવિધ પ્રકારના દેખાવો કરેલા છે.

દરેક દેશની પ્રજાને વિવિધ ઋતુઓના હિંસક ઉત્પાતનો અનુભવ થવા લાગ્યો છે. દુનિયાના ઓછી આવક ધરાવતા લોકોની જીવનશૈલી અરધી તો કુદરતને આધીન હોય છે એમાં પ્રકૃતિ વિફરે ત્યારે તેઓનામાં જાનહાનિ મોટી થાય છે. ચીનમાં ખરેખર અત્યારે પ્રકૃતિ જ વિફરેલી છે. ગ્રેટા એમ કહે છે કે હે બની બેઠેલા કહેવાતા નેતાઓ તમે આ પૃથ્વીનો વિનાશ કરવાનું જ કામ કરી રહ્યા છો એટલે અમે અને ભવિષ્યની પેઢીઓ તમને કદી માફ નહિ કરે. કારણ કે પર્યાવરણને જાળવવા કાયદા ઘડવાની સત્તા તમારી પાસે હોવા છતાં તમે સદા પોલા અને છટકબારી ધરાવતા કાનૂનો જ ઘડ્યા છે. વૃક્ષો કાપવા માટે હવે સરકારની મંજૂરી ક્યાં લેવી પડે છે? એને કારણે આપડા પ્રદેશમાં હજારો વૃક્ષો કપાઈ રહ્યા છે. ધારીથી તુલસીશ્યામ વચ્ચેના સળંગ લીલા પટ્ટાઓ અને રસ્તા પરના ઘટાદાર છાંયાઓ ઓછા થઈ ગયા છે. એ જ રીતે સાવરકુંડલા-ખાંભા વચ્ચે પણ અનેક વૃક્ષો કપાયા છે.

પરિસ્થિતિ સાવ અંધકારની ધાર પર ચાલી રહી છે. બધું વિનાશને આરે છે અને સહુ જોઈ શકે છે. છતાં બધા દેશોના રાજનેતાઓ પૈસાની ને આર્થિક વિકાસની કપોળ કલ્પિત કથાઓ જ કહેતા રહે છે. એટલે કે દરેક નેતાઓ પોતપોતાના દેશની પ્રજાને બેવકૂફ બનાવે છે. પર્યાવરણ વિશે કામ કરવાની તૈયારી ન હોવાને કારણે તમે સત્ય છુપાવો છો. વાત કરતી વખતે ગ્રેટાના ચહેરાની રેખાઓ એટલી ક્રુદ્ધ દેખાતી હોય છે કે સહુ કોઈ સ્તબ્ધ થઈ જાય છે. મુગ્ધતાના આ વરસોમાં આ કન્યાની ભીતર જે ચિનગારી પ્રગટી છે એનાથી જો તખ્તેનશીન સત્તાધારીઓની ઊંઘ ઉડે તો ઠીક છે નહિતર વિનાશ પછીની રાખ તો ઉડવાની જ છે. ગ્રેટાની વાતમાં માત્ર તર્કબાજી કે ફરિયાદ જ નથી, ઘેરા વિષાદનો આઘાત પણ છે. એ માને છે કે એના તમામ પુરોગામીઓ એટલે કે આપણે એ પેઢીના સરવેને બહુ ક્રૂરતાથી છેતર્યા છે અને લીલુડી ધરતીને વેરાન કરવાના કામ કર્યા છે.

ગ્રેટા એક જ છે પણ એની સાથે એની આખી જનરેશન જોડાયેલી છે. ગ્રેટાને કારણે દરેક શુક્રવારે રજા રાખીને પર્યાવરણ માટે નીકળી પડનારા વિદ્યાર્થીઓની સંખ્યા લાખોની છે અને સતત વધતી જાય છે. અત્યારે તો ગ્રેટા જંગલ વચ્ચે ભૂલી પડેલી એકલી માસૂમ દીકરીની જેમ અશ્રુ સારી રહી છે. કારણ કે ગ્રેટાના વિચારોથી વિવિધ દેશોના કાનૂનોમાં ફેરફાર થાય એ સ્થિતિ આવતા થોડી વાર લાગશે. આ વિશ્વના વિવિધ શાસકોની બહેરાશને કારણે વધુ ગ્રેટાઓના વધુ ઊંચા અવાજની આ દુનિયાને જરૂર રહે છે. હવે દરેક મહાનગરોના ભાંગવાની શરૂઆત થશે. વુહાન છે તો ચીનમાં એક જ પણ દુનિયાના અનેક દેશોમાં નાના નાના ન ઓળખાય એવા વુહાન અસ્તિત્વ ધરાવે છે. ગમે ત્યારે એ શહેરોમાં નાસભાગ થશે. અને ત્યારે એટલું મોડું થઈ ગયું હશે કે વુહાનની જેમ કોઈ બહાર જઈ શકશે નહિ. હવે જંગલો અને વનકાંઠાના ગામડાઓ જ જિંદગીના વરદાન છે. શહેરો તો મોતના કૂવાઓ બનવા લાગ્યા છે.

ગ્લોબલ વોર્મિંગને કારણે વૈશ્વિક હવામાનની પરિસ્થિતિ ડામાડોળ થવા લાગી છે. છેલ્લા ત્રણ-ચાર વરસમાં આ દિશામાં એવા કોઈ વિશેષ પગલા લેવામાં આવ્યા નથી કે જેનાથી પછીની પેઢીને એક સુંદર પૃથ્વી સોંપી શકાય. વાતો બધા દેશો કરે છે પરંતુ, પગલા લેવામાં સહુ પારોઠના પગલા ભરે છે. અમેરિકા પણ આ હકીકતથી વાકેફ છે. જો કોઈને પણ પડી ન હોય તો અમારે શું છે? એવી વૃત્તિ સાથે ટ્રમ્પે પેરિસ કરાર સાથે છેડો ફાડયો હતો. ઈ.સ. ૨૦૨૦ સુધીમાં ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનનું પ્રમાણ ૭૦ ટકા જેટલું ઓછું કરવાની રાષ્ટ્ર સંઘની ઈચ્છા હવે બહુ ફળીભુત થાય એમ નથી. ને એને જ કારણે આજે જે બાળકો શાળાઓમાં ભણે છે તેઓ તેમના યૌવનમાં પ્રવેશ કરશે ત્યારે અકલ્પિત પર્યાવરણીય સમસ્યાઓ તેમને ઘેરી લેશે એ નિશ્ચિત છે. ■

# વાત એક મુસાફરીની

વાર્તા વિશ્વ

યોગેશ પંડયા



સુધીર ઢસા ચોકડીએ રાત્રે પોણા બારે પહોંચ્યો ત્યારે એક ચાની કીટલીવાળો અને એક સામે ઠંડા પીણાની લારીવાળા સિવાય સર્વત્ર સૂનકાર હતો. એક તો ડિસેમ્બરની ઠંડી, જામતી રાત અને થેલામાં પાંચ તોલા ઘરેણાંનું જોખમ ! થોડે આઘેરે'ક દેખાતો પેટ્રોલ પંપ અને આ બન્ને લારીઓ સિવાય ચોકડીએ, રડ્યા ખડ્યા બે-ચાર પુરૂષો સામેના ઓટલા ઉપર ટોળટપ્પા કરી રહ્યા હતા. સુધીરને થયું થોડા'ક વહેલો નીકળી ગયો હોત તો સારૂં હતું હવે અહીંથી ભાવનગર તરફનું કોઈ વાહન મળે એવા એંધાણ લાગતા નથી. તેમ છતાં ચાની કીટલીવાળાને પૂછું તો સાચી ખબર પડે. બીજું બધું તો ઠીક પણ પ્રસંગમાં પહેરવા માટે પિયર જતી વખતે દક્ષા કહી ગઈ હતી કે તમે પરમદિવસે આવો ત્યારે બેન્કમાં જઈને લોકરમાંથી મારૂં મંગસૂત્ર અને સેટ લેતા આવજો. અત્યારે તો હું ખોટું પહેરીને જ જાઉ છું. એકલી જ છું અને સમય ખરાબ છે. આંચકો મારીને ગળામાંથી કોઈ કાઢી જાય તો એકલી હું શું કરૂં ? એના કરતા એ જોખમ તમે જ લેતા આવજો. અને હા, રાતવરત મોડું નહીં કરતા. આ બે વરસમાં મને તમારી ખબર પડી ગઈ છે. મોરબી પણ મારા ફૈબાના દીકરાના લગન વતે રાત્રે બે વાગ્યે પહોંચ્યા હતા, ખબર છે ને ?'' અને પછી ઢગલો એક શિખામણ આપીને દક્ષા પિયર ગઈ હતી. પણ આજે ઓફિસમાં છેક સાંજ સુધી ખૂબ કામ રહ્યું. એક - બે માહિતી મોકલવાની હતી એ તૈયાર કરતા કરતા જ સાંજના સાત વાગી ગયા. એ સહી લેવા સાહેબ પાસે ગયો ત્યારે જ સાહેબે માહિતીના પત્રકોમાં સહી કરતા કરતા તેને પૂછયું હતું : સોનગઢ હવે કયારે પહોંચશો ? ટ્રેન પણ બંધ છે. અને છેલ્લી પ્રાઈવેટ બસ પણ છ વાગે જતી રહે. સાત તો અહીંયા વાગ્યા.'' ''થઈ પડશે.'' સુધીરે હસીને કહ્યું હતું : ''હમણાં અમરેલી વાળી બસ મને મળશે. ઢસા સુધી તેમાં જતો રહીશ. ત્યાંથી ઉપરથી તો રાતના બાર વાગ્યા સુધી બસો આવતી હોય. દસ વાગે તો હું સોનગઢ હોઈશ. '' ''સાળાના લગ્નનો પ્રસંગ બરાબર માણજો...'' પિતા તૂલ્ય અધિકારીએ શુભકામનાઓ પાઠવી હતી અને પોતે ઝપાટાબંધ તાળુ મારી, માહિતીના પત્રકો આવતીકાલે વડી કચેરીએ પહોંચાડવાની પટ્ટાવાળાને સૂચના આપીને દોડાદોડ થેલો લઈને બસ સ્ટેન્ડ આવ્યો ત્યારે અમદાવાદથી ગારિયાધાર તરફ જતી બસ ઉપડવાની તૈયારીમાં જ હતી એ મનોમન ભગવાનો પા'ડ માનતો બસમાં બેસી ગયો પણ ગઢડા આવતા આવતા જાણે બસે ડચકાં ખાવાનું શરૂ કર્યું. શરૂઆતમાં અડધો પછી પા' પછી ડગલું ડગલું ચાલીને એણે જાણે ગઢડા ચાર રસ્તે જ આખરી શ્વાસ લઈ લીધા ! કંડકટરે એલાન કર્યું : ''બસ બ્રેકડાઉન થઈ ગઈ છે, આગળ નહીં જાય. જે પેસેન્જરને આગળ જવું હોય એ ટિકિટ પાછળ મારી સહી કરાવી લો. ''

સુધીર ટિકિટ પાછળ સહી કરાવી ઢીલે પગલે બસમાંથી ઉતર્યો ત્યારે અંધારૂ તો બરફના ચોસલાની જેમ જામી ગયું હતું. ''હવે શું કરવું ?'' વિચારતો હતો કે ડ્રાઈવરે સુધીરની સૌમ્ય પર્સનાલિટી જોઈને કહ્યું : '' સાહેબ આગળ ભડલી ગેટથી તમને ઢસા સુધીનું વાહન મળી જશે.

''સારૂં'' કહી સુધીર છેક ભડલી ગેટ સુધી આવ્યો, ત્યાં પાછળ ખટારો આવતો હતો. સુધીરે હાથ ઊંચો કર્યો કે ખટારાવાળો કહે : ''કેની પા ?''

''ઢસા ચોકડી'' આશાભરી આંખે સુધીર ઊભો રહ્યો. પચાસ રૂપિયા થાહે.'' કિલનરે કહ્યું. ''પચાસના કાકા...'' કરતો સુધીર ખટારામાં ચડી ગયો (આજથી ૨૭ વર્ષ પહેલા પચાસ રૂપિયા એટલે વધુ તો કહેવાય પણ ગરજને કોઈ વિકલ્પ નથી હોતો !) પણ સુધીર બરોબર ચોઘડિયા પકવીને જ નીકળ્યો હશે તે ટ્રક રગશિયા ગાડાની જેમ જ ચાલતો હતો ધીમે.... ધીમે... સુધીરે ડ્રાઈવરને ટકોર કરી પણ ડ્રાઈવર બહેરો હતો. જ્યારે સાડા અગિયારે એણે સુધીરને ઢસા ચોકડીએ ઊતાર્યો ત્યારે સુધીરના મગજમાં એકલો ધૂમાડો જ હતો !!

----

ચા નો કપ લેતા લેતા એણે કીટલીવાળાને પૂછયું ત્યારે કીટલીવાળાએ કહ્યું : ''સાડા અગિયાર વાળી બસ તો વહી ગઈ. હવે એક છેલ્લી બાર વાગ્યા આસપાસ આવે. રાહે જુઓ નહીંતર પછી કોઈ પ્રાઈવેટમાં...''

''ના.... ના...'' થેલા ઉપર અવશપણે હાથ ફેરવતા સુધીરને ''પછી ય કયાં જવું ? એય પ્રશ્ન તો હતો જ ને ? શું ઢસા ચોકડીએ બેસીને રાત કાઢવી ? આવડા આ તો હમણાં લારી વધાવીને ઘરે હાલ્યા જશે પછી શું ? '' ચા પીતા પીતા એ વિચારમાં ગોથા ખાઈ રહ્યો હતો કે કીટલીવાળાએ તેની વિચાર સમાધિ તોડી : ''સાહેબ, બાર વાગ્યે છેલ્લી બસ પછી હું કે આ સામેવાળોય નહી હોઈએ. તમારે ભાવનગર જવાનું જ હોય તો પ્રાઈવેટ વાહન પકડી લો. બાકી તો બારની બસનું કોઈ ઠેકાણું નહી !!''

આમ તો મનમાં હતું તે જ ભીતિ સાચી પડી. હવે તો બોટાદ બાજુનુંય કશું ન મળે નહિંતર તો બોટાદ પાછું જતું રહેવાય. આમને આમ બાર થયા, સવા બાર થયા. ચાવાળો સંકેલો કરવા માડ્યો. સુધીરને થયું કે ટાઢ છે, ફરીવાર એકાદ ડોઝ મારૂં '' સુધીરે ફરીવાર ચા માંગી કીટલીવાળો હસીને બોલ્યો ''સાહેબ, સાચું કહું છું હો ! જે મળે એમાં વહ્યા જજો.'' ''સારું એમ કરૂં. '' કહીને એ રોડ ઉપર ઊભો ને થોડીવાર થઈ ત્યાં એક ટાટા સુમો ચરરર... કરતી આવીને તેની પાસે ઊભી રહી ગઈ. સુધીરની અને કાર ચાલકની એક નજર થઈ ''ચાલો સાહેબ, ભાવનગર ?'' તેણે પૂછયું પણ સુધીર તત્ક્ષણ જવાબ ન આપી શક્યો. અપ ટુ ડેટ લાગતો એ ચાલીસ પીસ્તાલીસ વરસનો પુરૂષ કોઈ એંગલથી ડ્રાઈવર લાગતો નહોતો. ''ચાલો, ચાલો.... બેસો'' જાણે આદેશ થયો. તેણે દરવાજો ખોલ્યો સુધીર બેસી ગયો અને ટાટા સુમો ચાલુ થઈ. સુધીરે આગળ પાછળ જોયું. કોઈ છે તો નહીંને બીજું ? હમણાં હમણાં કીડનેપીંગના કેસ બહુ બને છે. એક આછો ડરથ તેને પરસેવો વાળી ગયો. આટલી ઠંડીમાં પણ તેણે રૂમાલ ચહેરા ઉપર ફેરવ્યો. અચાનક ગાડી ઊભી રહી ગઈ. પેલા પુરૂષે સુધીરની આંખમાં આંખ નાખીને પૂછયું : ''ઠંડી છે બોસ, કંઈ પીવું છે ?'' સુધીર ડરી ગયો : ''ના ના, કશું જ નહીં, ચા પીધી. '' ઓ.કે... તો હું જરા સામે જતો આવું ને જરા...'' કરતો એ નીચે ઊતર્યો. સામે એક ચાની લારી જ હતી સુધીરે પાછું લંભાઈને ચેક કર્યું : '' કોઈ હથિયાર બથિયાર તો નથી ને ? નહીંને કયાંક વળી રસ્તામાં પિસ્તોલ તાકીને નીચે ઉતારે, અને થેલો આંચકી લે. આ પાંચ તોલાના ઘરેણા મંડળીની લોન લઈને ઘડાવ્યા છે ! '' સિગારેટના ધૂમાડા શ્વાસમાં છલકાયા. પેલો ગાડી ફરતે આંટો મારી રહ્યો હતો. સુધીરે તેની હિલચાલને ડરથી તાકી. પેલાએ કાચની બારીમાંથી ડોકું અંદર કાઢીને પૂછયું : '' સિગારેટ તો પીતા જ હશો બોસ !''

''ના... ના... મારે કોઈ વ્યસન નથી ભાઈ.'' કપાળ પરનો પરસેવો લૂછતો સુધીર બોલ્યો : ''તમે પી લ્યો પછી નીકળીએ...'' ''યસ્સ'' પેલો હસીને બોલ્યો અને ઠુંઠું બૂટ તળે કચરીને ગાડીમાં બેઠો.

અશોક નામ છે મારૂં...'' પેલાએ ઓળખાણ આપી : ''અશોક પટેલ.. વરસો સુધી મુંબઈ હતો પણ મોટાભાઈ અચાનક ગુજરી ગયા એટલે ધંધો સંભાળવા આવવું પડયું. ભત્રીજા મોટા છે પણ તેમને તૈયાર કરવાના છે. બાકી મારે તો મુંબઈમાં મોટું નેટવર્ક છે !''

''ત્યાં... તમે શું બિઝનેસ ?'' સુધીરે ડરતા ડરતાં પૂછયું ''ઘણું બધું.'' એટલું કહીને તે હસ્યો : '' તમને બિઝનેસની આંટીઘૂંટી નહી સમજાય. કારણ કે તમે ગવર્નમેન્ટ નોકરીયાત છોને એટલે. '' અને તે ખડખડાટ હસ્યો. સુધીર ચકરી ખાઈ ગયો : ''તમે મને ઓળખો છો ?''

''તમારી સ્ટાઈલ, વાતો કરવાની રીતભાત, તમારા કપડા... એના ઉપરથી... '' પછી કહે : ''મુંબઈ ધીકતો ધંધો છોડીને આવ્યો. પણ મજા નથી આવતી, આ તો છોકરાવ એકલા પડી ગયા. બાકી, તમારી નોકરી બિઝનેસની તોલે ન આવે !!''

''વાત સાચી અશોકભાઈ.'' સુધીર હસ્યો : ''કરી કરીને નોકરી'' ''યાર તમે તો કલાકાર લાગો છો.'' અશોક હસી પડયો : '' તમે હાસ્યનું ચાલુ કરો. જામી જશો.'' સુધીર ઉપર બીજીવાર વીજળી પડી : ''આ માણસ ભેદી છે કે ખેલાડી ? હાસ્યનું તો એણે ચાલુ કર્યું જ છે.'' જવાબમાં સુધીરને પોરસ ચડયો : ''તમે તો જાદુગર છો અશોકભાઈ, મને મીમીક્રી બહુ જ આવડે '' ''તો પછી થઈ જાય... અહીથી ભાવનગર સુધી. ''

''સોનગઢ સુધી જ...'' સુધીરે સ્પષ્ટતા કરી : ''મને સોનગઢ વિશ્રાંતિગૃહે ઉતારી દેજો. ત્યાં મારા સાળાના લગ્ન પ્રસંગે જાઉ છું.'' '' એ બધુ પછી પહેલા તમારી કલા વહેતી મૂકો. '' અશોકે હસીને કહ્યું અને પછી તો જોકસ ઉપર જોકસ. અશોક હસી હસીને બેવડો વળી ગયો. રાત્રે બે વાગ્યે વિશ્રાંતગૃહની અંદર છેક ટાટા સુમો સુધીરને મુકવા ગઈ ત્યારે સુધીરના સાસરિયા આશ્ચર્યમાં પડી ગયા. પાણી પીને અશોક નીકળ્યો ત્યારે મનમાં રહેલી ખાનગી વાત સુધીરે કિલયર કરી દીધી : '' અશોકભાઈ, થેલામાં પાંચ તોલા ઘરેણા હતા, ચિંતા એની હતી. છ હજારનું તોલુ લેખે ત્રીસ હજાર લૂંટાઈ જવાનો ડર હતો. એક તો ઢસાની સૂમસામ ચોકડી, અને થેલામાં રહેલું જોખમ પણ તમે મળી ગયા તો લાજ રહી ગઈ.''

''લાજ તો મારી રહી ગઈ સુધીરભાઈ. પાર્ટનર રાજકોટથી મુંબઈ જતો હતો ને પંદર લાખ મગાવ્યા હતા. હું પંદર લાખ લઈને રાજકોટ પહોંચુ એ પહેલા તો એને વ્યવસ્થા થઈ ગઈ અને હું પંદર લાખ લઈને પાછો વળ્યો છેક સોનગઢ સુધી. મનમાં લબક ઝબક થતું હતુ પણ ઢસા ચોકડીએ તમને જોયા ને પછી ડર ભાગી ગયો. અહીયા લીમડામાં મારો એક દુશ્મન છે. જો એને ખબર પડી ગઈ હોત તો એ મને લીમડા વટવા ન દેત...

તમારો દેખાવ જોઈને મેં તમારા ઉપર વિશ્વાસ સોએ સો ટકા મૂકી દીધો કે આ ભાઈને લઈ લઉ. એક કરતા બે ભલા પણ હવે.. પૂરેપૂરો કોન્ફિડન્સ છે કે સહી સલામત ભાવનગર પહોંચી જવાશે !! ''

સુધીર આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યો અને ટાટા સુમો ઘૂમ્મ કરતી ક્યારે નજર આગળથી ઓઝલ થઈ ગઈ એય ખબર ન રહી. ■

# ''મારી તો આ ટેવ છે, ખરાબ ટેવ... જ્યોતિ !''




ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

મને જોઈ તરત જ વિજયે પેગ સામે જોઈ કહ્યું : '' જો જ્યોતિ, તારે તો તારો પેગ તો પૂરો કરવો જ પડશે. પછી તારે વધારે પીવું હોય તો ના નથી. તારી મરજી, પરંતુ મારે તો આવા ત્રણ - ચાર પેગ જોઈશ જ, તો જ મને મજા આવશે. આનાથી કદાચ મારી માનસિક સ્થિતિ સારી થશે એમ હું માનુ છું...'' વિજયે સ્મિત સાથે કહ્યું.

''બધા વિલાયતી અને મોંઘા દારૂ આવા જ હોય છે.. જ્યોતિ ! પરંતુ જેમ જેમ ઘૂંટ વધે તેમ તેમ નશો પણ વધતો રહે. આવા ધીમે ધીમે ચડતા નશાની ભવ્યતા પણ વિશેષ પ્રકારની હોય છે. વળી આ રમની એક અનોખી ખૂબી પણ છે. તેના નશાની અસર તરત ન થાય. પરંતુ દોઢ - બે કલાક પછી તીવ્ર અસર થાય છે. બધું જ ભાન ભૂલી જવાય છે. અને એક વાત તને સ્પષ્ટ કહી દઉં. પીધેલ વ્યક્તિ સારો હોય કે ખરાબ, ગરીબ હોય કે અમીર, નાનો હોય કે મોટો, આ બધા આવું પીણું પીધા પછી કયારેય ખોટું તો બોલતા જ નથી. તેના મનની અને તેના અંતરની ઈચ્છા તેમજ તેનું દર્દ કે પછી અંગત એવી ગુપ્ત વાત પણ તે સાવ સાચે-સાચ કહી દે છે. એટલે તો આવા દારૂની કિંમત પણ વધારે હોય છે...''

''તું તો રોજ રોજ મૂંઝાય છે. ખૂબ જ અકળાય છે. તો આ પીધા પછી તું તારા મનનું દુ:ખ મને કંઈપણ છુપાવ્યા વગર કહી દેજે. કદાચ તારૂં દુ:ખ દૂર કરવા હું તને મદદ કરી શકુ. કશું છુપાવ્યા વગર મને બેધડક સાચે સાચું કહેજે...''

''એમાં શું ? તું તો મારો પ્રેમ છે, મારા હૃદયની વાત તને નહીં કહું તો બીજા કોને કહીશ. જીવનભર સાથે સાથે રહેવા મારી સાથે તું બંધાયેલી છે. તું મારી પત્ની છે. હવે તો બધી જ શરમ છોડી દઈ હું મારા દિલની વાત તને ચોકકસ કરીશ...'' વિજયે આટલું બોલીને વળી એક મોટી ઘૂંટ ભરી લીધી, બે - ચાર કાજુ ખાધા, થોડી સીંગ પણ કકડાવી. પછી મારી સામે જોઈ બોલ્યો :

''લે..., તું તો હવે એક ઘૂંટ ભર. તારો પેગ તો હજી ભરેલો જ છે.'' તેના કહેવાથી મેં મારા પ્યાલાને હોઠે લગાડયો ને એક ઘૂંટ ભરી. ઘૂંટ ભરતાની સાથે થોડીવાર તો મેં મારી આંખો મીંચી દીધી. કારણ કે થોડો કડવો, તૂરો સ્વાદ અને મોઢામાં મને ચરચરાટી થવા લાગી. વળી તેની તીવ્ર ગંધ કંઈ અલગ પ્રકારની હતી. ત્યાં તો વળી વિજયે કહ્યું :

''આ કંઈ શરબત નથી, જ્યોતિ ! થોડી કડવાશ અને ચરચરાટી પછી ગળા નીચે ઉતરતા મોઢું કટાણું પણ થઈ જાય. પરંતુ પેટમાં ગયા પછી, થોડા સમય પછી આ કડવાશ મીઠી અને મધુરી મીઠાશમાં ફેરવાઈ જશે. લે, આ પીધા પછી હવે થોડી સીંગ તું ખાઈ લે. કાજુ - બદામ જે ઈચ્છા થાય તો ખા એટલે મોઢું સાવ જ ચોખ્ખું થઈ જશે...''

વિજયની સામે જોતા જોતા એક કાજુ લઈ મેં મારા મોંમાં નાખ્યું. મારી દ્રષ્ટિ તો વિજય પર જ મંડાઈ રહી હતી. તેણે તો એક મોટી ઘૂંટ સાથે પ્યાલો ખાલી પણ કરી નાખ્યો. એટલે તો હું તરત જ બોલી : ''બસ, આટલી વારમાં તો તે આખો પેગ ખાલી પણ કરી નાખ્યો ? ''

''મારી તો આ ટેવ છે, ખરાબ ટેવ... જ્યોતિ ! નજર સામે આવો સરસ માલ પડયો હોય એટલે પછી રહેવાતું નથી. હું જાણું છું કે આ સારૂં ન કહેવાય, પણ શું થાય ? અને બીજું... તું પણ આ માલથી કંઈ કમ નથી. આમ તો પેગ સાવ ધીમે ધીમે લઈએ તો ખૂબ ખૂબ મજા આવે.'' આટલું બોલી વિજયે તો બોટલનું ઢાંકણ ખોલી બીજો પેગ બનાવ્યો. સોડા અને બરફનો ટુકડો પણ તેમાં નાખ્યો. પછી તરત જ એક મોટી ઘૂંટ ભરી પણ લીધી એ સાથે વળી તેણે કહ્યું '' તું તો લે, તારો પેગ તો હજી પણ એમ ને એમ ભરેલો પડયો છે.''

પ્યાલો ઉંચકી મેં પણ મોઢે માંડયો. હવે પહેલા કરતા થોડી મોટી ઘૂંટ ભરીને તરત જળા નીચે ઉતારી દીધી. એ સાથે તો મારા પેટમાં જાણે શેરડો પડયો.

બસ... આમ જ ઘૂંટ પર ઘૂંટ ભરાતા રહ્યા, દારૂ પીવાતો રહ્યો અને ધીમે ધીમે બોટલનું મોંઘુ પ્રવાહી ઓછું થતું રહ્યું. હવે તો મારો પ્યાલો પણ અર્ધો થઈ ગયો હતો. સાચે જ હવે મને પણ કંઈક અલગ પ્રકારનું વાતાવરણ થઈ રહ્યું હોય તેવો અહેસાસ થવા લાગ્યો. મારૂં પોતાનું અસ્તિત્વ પણ મને અત્યારે હવે સાવ જુદું જ અનુભવવા મળ્યું. કોણ જાણે કેમ મારામાં કંઈક અલગ અને વિચિત્ર પ્રકારનો ઉમળકો અંદરથી આવ્યો એ સાથે તો હું મરક મરક હસવા લાગી. પછી શું થયું તેની મને ખબર ન પડી. પરંતુ કોઈ અલગ આવેશથી મેં મારો ભરેલો પ્યાલો મોઢે રાખી... બધું જ પ્રવાહી એકી સાથે ગટગટાવી લીધું...

હવે મને સાચે જ કંઈક થવા માંડયું. પરંતુ એની પણ દરકાર કર્યા વગર ખાલી થયેલો પ્યાલો પેલી ટીપોઈ પર ઉભો મૂકતાની સાથે જ મેં વિજયનો હાથ પકડી લઈ મોટા અવાજે કહ્યું : '' જો વિજય..., તું જોઈ લે, મેં મારો પેગ પૂરો કરી દીધો છે. હવે મને વધારે પીવાનો આગ્રહ ન કરતો.., હવે મારી આંખો જરા જરા ભારે થઈ ગઈ હોય તેમ મને લાગી રહ્યું છે છતાં મને મજા આવે છે, હો...'' (ક્રમશ:) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# પહેલગામ હુમલાની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ માટે અમે તૈયાર : પાક. વડાપ્રધાન

ઈસ્લામાબાદ,તા.૨૬

પહેલગામ આતંકવાદી હુમલા પર ભારતના કડક વલણથી પાકિસ્તાન ચિંતિત છે. પાકિસ્તાનના વડાપ્રધાને કહ્યું છે કે તેઓ પહેલગામ હુમલાની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ માટે તૈયાર છે. જોકે, પોતાને મજબૂત બતાવવાનો પ્રયાસ કરતા શરીફે કહ્યું કે અમે કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર છીએ. પાકિસ્તાનના ઘણા નેતાઓએ ઉશ્કેરણીજનક નિવેદનો આપ્યા છે,



પરંતુ વડાપ્રધાનના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે પાકિસ્તાન ભલે ધમકીઓ આપી રહ્યું હોય, પરંતુ અંદરથી તે ભારતના હુમલાથી પણ ડરે છે.

૨૨ એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ ૨૬ નિર્દોષ પ્રવાસીઓની ક્રૂરતાથી હત્યા કરી હતી. આ હુમલા પાછળ લશ્કર-એ-તૈયબાના સાથી ટીઆરએફનો હાથ હોવાનું કહેવાય છે. ભારતે આ હુમલા માટે પાકિસ્તાનને દોષી ઠેરવ્યું અને સિંધુ જળ સંધિને સ્થગિત કરીને કડક કાર્યવાહી કરી. ભારતના આ પગલાથી પાકિસ્તાન ગુસ્સે છે અને તેણે કહ્યું છે કે પાણી રોકવાનો અર્થ યુદ્ધ થશે. પાકિસ્તાને ભારતીય એરલાઈન્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર પણ બંધ કરી દીધું છે અને શિમલા કરારમાંથી ખસી જવાની જાહેરાત કરી છે. શરીફે કહ્યું, 'પહેલગામમાં તાજેતરની દુર્ઘટના આ દોષારોપણની રમતનું બીજું ઉદાહરણ છે, જેને સંપૂર્ણપણે બંધ કરવી જોઈએ.' 'એક જવાબદાર દેશ તરીકેની ભૂમિકા ચાલુ રાખીને, પાકિસ્તાન કોઈપણ તટસ્થ, પારદર્શક અને વિશ્વસનીય તપાસમાં ભાગ લેવા તૈયાર છે.'

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર અકસ્માત સર્જાતા ૬ લોકોના મોત, પાંચ ઘાયલ

નવીદિલ્હી,તા.૨૬

હરિયાણાના નૂહ જિલ્લામાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર એક મોટો માર્ગ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ૬ સફાઈ કર્મચારીઓના મોત થયા છે અને ૫ સફાઈ કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું કહેવાય છે. આ ઘટના ફિરોઝપુર ઝીરકા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ઈબ્રાહિમ બાસ ગામ પાસે બની હતી. દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે પર સફાઈ કામ







કરી રહેલા કામદારોને એક ઝડપી પિકઅપ વાહને ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં ૬ સફાઈ કર્મચારીઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.

આ અકસ્માત શનિવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ થયો હતો. સવારે ૧૦ સફાઈ કામદારો એક્સપ્રેસ વે સાફ કરી રહ્યા હતા. અચાનક એક હાઈ સ્પીડ પિકઅપ ગાડી આવી અને આ કર્મચારીઓને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં છ સફાઈ કર્મચારીઓના મોત થયા હતા, જ્યારે પાંચ ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જનરલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

# સીમા હૈદરે ભારતમાં રહેવા માટે પીએમ મોદી અને મુખ્યમંત્રી યોગીને વિનંતી કરી

નવીદિલ્હી,તા.૨૬

સીમા હૈદરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ભારતમાં રહેવાની મંજૂરી આપવા અપીલ કરી છે. સીમાએ અપીલ કરી હતી કે ભલે તે પાકિસ્તાનની પુત્રી હતી, પરંતુ હવે તે ભારતની વહુ છે અને તેને ભારતમાં રહેવાની મંજૂરી આપવી જોઈએ. સીમા હૈદરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવેલા એક વીડિયોમાં આ વાત કહી છે. હકીકતમાં, પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત બાદ, ભારત સરકારે પાકિસ્તાન વિરુદ્ધ એક મોટો અને કડક નિર્ણય લીધો છે અને સાર્ક વિઝા મુક્તિ નીતિ હેઠળ પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવતી સુવિધાને સમાપ્ત કરી દીધી છે. આ નિર્ણય મુજબ, હવે પાકિસ્તાની નાગરિકો આ છૂટ હેઠળ ભારતની મુસાફરી કરી શકશે નહીં. જ્યારે, તે પાકિસ્તાની નાગરિકો જે આ સુવિધા હેઠળ ભારતમાં પહેલાથી જ હાજર છે તેમને એક અઠવાડિયાની અંદર દેશ છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# પાકિસ્તાનના ક્વેટામાં વિસ્ફોટમાં ૧૦ સૈનિકોના મોત, બલૂચ લિબરેશન આર્મીએ જવાબદારી લીધી

ક્વેટા,તા.૨૬

પાકિસ્તાનના ક્વેટાના માર્ગેટ વિસ્તારમાં એક શક્તિશાળી વિસ્ફોટમાં ૧૦ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા. આ વિસ્ફોટ પાકિસ્તાની સેનાના વાહનને નિશાન બનાવીને રિમોટ કંટ્રોલ આઈઈડીનો ઉપયોગ કરીને કરવામાં આવ્યો હતો. બલૂચ લિબરેશન આર્મીએ આ વિસ્ફોટની જવાબદારી લીધી છે અને વિસ્ફોટનો વીડિયો પણ જાહેર કર્યો છે. આ વિસ્ફોટ બલૂચિસ્તાનની રાજધાનીની બહાર થયો હતો. બલૂચ આર્મીએ દાવો કર્યો છે કે તેણે આ હુમલામાં ૧૦ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા છે. આ વિસ્ફોટ રિમોટ કંટ્રોલ્ડ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ દ્વારા કરવામાં આવ્યો હતો. આમાં સેનાનું વાહન સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. મોડી રાત્રે જારી કરાયેલા એક નિવેદનમાં,



બીએલએ પ્રવક્તા ઝીનત બલોચે જણાવ્યું હતું કે જે વાહનને નિશાન બનાવવામાં આવ્યું હતું તે હુમલામાં સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. આ હુમલામાં ૧૦ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા. બલૂચ લિબરેશન આર્મીએ વિસ્ફોટ અને તેના પછીના ફૂટેજ ધરાવતો એક વીડિયો બહાર પાડ્યો હતો. તમને જણાવી દઈએ કે આ વિસ્તાર લાંબા સમયથી બલૂચ બળવાખોરોની પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યો છે. હાલમાં, આ હુમલા અંગે પાકિસ્તાની સેના દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.

# તમારે ફક્ત હિન્દુની દુકાનોમાંથી જ સામાન ખરીદવો જોઈએ : નિતેશ રાણે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬

ફડણવીસ સરકારના મંત્રી નિતેશ રાણેએ પહેલગામ આતંકવાદી હુમલા અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. રત્નાગિરિ જિલ્લાના દાપોલી તાલુકામાં આયોજિત હિન્દુ ધાર્મિક મેળાવડામાં રાણેએ મંચ પરથી કહ્યું - મુસ્લિમો પાસેથી સામાન ન ખરીદો. જો તેઓ આપણો ધર્મ પૂછ્યા પછી આપણને ગોળી મારી દે છે, તો તમારે પણ આપણો ધર્મ પૂછ્યા પછી જ વસ્તુઓ ખરીદવી જોઈએ. જો તે કહે કે તે હિન્દુ છે તો તેને હનુમાન ચાલીસાનો પાઠ કરવાનું કહો કારણ



કે તે જૂઠું પણ બોલી શકે છે. તમારે ફક્ત હિન્દુની દુકાનોમાંથી જ સામાન ખરીદવો જોઈએ. જો આ લોકો (ઔરંગઝેબ) તેમના પરિવારની નજીક નથી તો તેઓ આપણું શું કરશે, આ લોકો તેમના ધર્મ પ્રત્યે એટલા કટ્ટર છે તો આપણે તેમને શા માટે ધનવાન બનાવીએ.

# લીલીયાના પૂર્વ ધારાસભ્યની સંડોવણીના ચકચારી કેસમાં આરોપીઓ નિર્દોષ છૂટ્યા

અમરેલી, તા.૨૬

લીલીયાના પૂર્વ ધારાસભ્યની સંડોવણીવાળા એક ચકચારી કેસમાં ફરિયાદી દ્વારા લગાવવામાં આવેલા માર મારવાના આરોપો સાબિત ન થતા લીલીયાની કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. અમરેલીના સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીએ આરોપીઓનો બચાવ કર્યો હતો અને તેમની દલીલોને ધ્યાનમાં લઈને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફ.ક.) એમ.એમ. ગાંધીએ આ હુકમ કર્યો હતો. આ કેસની વિગત એવી હતી કે ફરિયાદી દયાબેનના લગ્ન વિપુલભાઈ માંડણકા સાથે થયા હતા અને તેમણે પોતાના સાસરિયાઓ તથા પૂર્વ ધારાસભ્ય સહિતના લોકો વિરુદ્ધ માર મારવા અને શારીરિક-માનસિક ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવી હતી. જો કે, પોલીસ દ્વારા પૂર્વ ધારાસભ્ય સિવાયના અન્ય આરોપીઓ સામે



ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ટ્રાયલ દરમિયાન ફરિયાદીએ પૂર્વ ધારાસભ્ય અને અન્ય આરોપીઓ દ્વારા માર મારવામાં આવ્યો હોવાની જુબાની આપી હતી, પરંતુ બચાવ પક્ષના વકીલ ઉદયન ત્રિવેદીએ તેમની ઉલટતપાસ કરી હતી. કોર્ટે તમામ પુરાવાઓ અને સાક્ષીઓની જુબાનીને ધ્યાને લઈને જણાવ્યું હતું કે ફરિયાદી પક્ષ પોતાના કેસને પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો છે. સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની અસરકારક દલીલોને માન્ય રાખીને કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કર્યો છે.

# રાજુલા શહેરના મુસ્લિમ સમાજ દ્વારા પહેલગામના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી

રાજુલા, તા.૨૬

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સમગ્ર દેશમાં શોકની લાગણી ફેલાયેલી છે. ત્યારે રાજુલા શહેરના સમસ્ત મુસ્લિમ સમાજે પણ આ દુઃખદ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શુક્રવારની નમાઝ પૂર્ણ થયા બાદ રાજુલાના તબક્કલ નગરમાં આવેલી



તસવીર : ગોપાલ રાઠોડ

મસ્જિદ ખાતે સમસ્ત મુસ્લિમ સમાજના લોકો એકઠા થયા હતા. તેમણે મૌન પાળીને મૃતકોને યાદ કર્યા હતા અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ દરમિયાન યુવાનોએ હાથ પર કાળી પટ્ટી બાંધીને પોતાનો શોક વ્યક્ત કર્યો હતો. રાજુલા શહેરના મુસ્લિમ સમાજના પ્રમુખે આ ઘટનાને દુઃખદ ગણાવી હતી અને તેને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી. આ પ્રસંગે રાજુલાના મુસ્લિમ અગ્રણી અને એડવોકેટ રાજુભાઈ જોખિયાએ જણાવ્યું હતું કે નિર્દોષ લોકો પર હુમલો કરનારા આતંકવાદીઓને તાત્કાલિક પકડીને સજા થવી જોઈએ, એવી સમસ્ત મુસ્લિમ સમાજની માંગણી છે.

# લાઠી શહેર ભાજપે સમાન નાગરિક ધારા માટેના સમર્થન પત્રો સુપ્રત કર્યા

અમરેલી,તા.૨૬

લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોનીએ અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી અને મેહુલભાઈ ધોરાજીયાને ''સમાન નાગરિક ધારા'' માટેના સમર્થન પત્રો સુપ્રત કર્યા હતા. આ સમર્થન પત્રો દ્વારા તેમણે ભારતના તમામ નાગરિકો માટે એક સમાન કાયદાની આવશ્યકતાને ભારપૂર્વક ટેકો આપ્યો હતો. આ પ્રસંગે ધર્મેશ સોનીએ જણાવ્યું હતું કે સમાન નાગરિક ધારો એ આપણા બંધારણના મૂળભૂત મૂલ્યો સાથે સુસંગત છે અને દેશની એકતા, અખંડિતતા અને ન્યાયની ભાવનાને વધુ મજબૂત કરશે. તેમણે ભારતીય જનતા પાર્ટીના




દેશના વિકાસ માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા અને સમાન નાગરિક ધારાને એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.

# તાલાળા તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન માટે ધાવા ગામે ખેડૂત સભા યોજાઈ

ઉના, તા. ૨૬

તાલાળા તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે માર્ગદર્શન મળે તે માટે ધાવા ગામે ખેડૂત સભા યોજાઈ હતી. જેમાં તજજ્ઞો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાસાયણિક ખેતીના વધુ પડતા વપરાશના કારણે ખેતીની જમીન દિન પ્રતિદિન ઝેરી બની રહી છે અને લોકો અનેક રોગોના ભોગ બની રહ્યા છે. આ વિસ્તારમાં બાગાયત પાક સતત નિષ્ફળ જઈ રહ્યો છે. ખેતીમાં ગુણવત્તાયુક્ત અને આરોગ્યને લાભદાયી ખેત ઉત્પાદન વધે તે માટે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખાતરનો વપરાશ વધે તે માટે ગોલ્ડન રૂટ્સ ફાર્મ હાઉસ માધુપુર રોડ ધાવા ખાતે ખેડૂતોને માર્ગદર્શન માટે ખેડૂત સભા રાખવામાં આવી હતી. જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા નવા લોન્ચ થયેલા જૈવિક ખાતર ભૂ વેધમના ઉત્પાદક તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# સાવરકુંડલાના લુવારા ગામે કૂવામાં ડૂબી જવાથી બે વર્ષના બાળકનું મોત

અમરેલી, તા.૨૬

સાવરકુંડલા તાલુકાના લુવારા ગામે છગનભાઈ છીછરાની વાડીના કૂવામાં એક કરુણ ઘટના બની હતી. જેમાં વિશાલ ચંદુભાઈ નાયકા નામના આશરે બે વર્ષના બાળકનું ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર કંટ્રોલરૂમ દ્વારા તાત્કાલિક ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર



ઈમરજન્સી સર્વિસની ટીમ અને સાવરકુંડલા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર વિભાગની ટીમે માત્ર ૧૫ મિનિટની જહેમત બાદ બાળકના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢીને સ્થાનિક પોલીસને સોંપ્યો હતો. આ કામગીરીમાં પ્રવીણભાઈ ચૌહાણ, ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિત, જયરાજભાઈ ખુમાણ, રવિરાજભાઈ જેબલિયા અને પ્રદીપભાઈ ખુમાણે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ દુઃખદ ઘટનાથી સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.



## :: અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે હનુમાનપરા રોડ, નારાયયનગરના રેવન્યુ સર્વે નંબર ૨૮૩ પૈકી, સીટી સર્વે નંબર ૨૪૯/એ/૩૬ પૈકી, પ્લોટ નં. ૩૬ પૈકી ની કુલ ૪૫-૦૦ ચો. મી. વાળી મીલકત પુજાબેન અનુભાઈ પરમાર, રહે. અમરેલી ની માલીકીની આવેલી છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ ૪૭૦૧, તા. ૨૩/૧૧/૨૦૧૧ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ કે જે પરશોતમભાઈ વિઠલભાઈ સેજાણીના નામનો દસ્તાવેજ છે તે તથા રજી. વેચાણ દસ્તાવેજ ૩૮૯૭, તા. ૧૪/૧૦/૨૦૧૫ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ કે જે સંદિપભાઈ ચંદ્રકાન્તભાઈ ભટ્ટના નામનો દસ્તાવેજ છે તે તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ટ્રાવેલ કરતી સમયે રસ્તામાં પડી ગયેલ હોવાની માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રાજીસ્ટર્ડ રસીદ તથા કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન – ૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તે હકક–હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન - ૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૭/૪/૨૦૨૫
અમરેલી.

**અજય જે. રાઠોડ**
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે
હરીરામ હોલસેલ માર્કેટ,
કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી.
Mo. 9426530316
Mo. 9824930316


# ડુંગર ગામના બે યુવકો વરલી મટકાનો જુગાર રમતાં ઝડપાયા

રાજુલા, તા.૨૬

રાજુલાના ડુંગર ગામે બે યુવકો વરલી મટકાનો જુગાર રમતાં ઝડપાયા હતા. તેમની પાસેથી ૮૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. બુધાભાઈ બાલાભાઈ બલદાણિયા તથા દિલીપભાઈ ધનાભાઈ ચૌહાણ દાતરડી ગામથી આગળ હુલાઈ કૃપા હોટેલના હાઈ-વે રોડ પાસેથી જાહેરમાં ગેરકાયદે આંક ફરકના વરલી મટકાનો જુગાર રમી રમાડતા ઝડપાયા હતા. પોલીસે તેમની પાસેથી ૮૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# કાશ્મીરમાં આતંકી હુમલામાં મૃતકોના આત્માની શાંતિ માટે સોમનાથ મંદિરમાં પૂજા

ઉના, તા.૨૬

કાશ્મીરમાં પહેલગામ ખાતે નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા નિર્દયતાપૂર્વકના હુમલામાં યાત્રીઓના નિધનના સમાચાર સમગ્ર રાષ્ટ્ર અને માનવસમાજ માટે ખૂબ જ દુઃખદાયક છે. આ હૃદયદ્રાવક ઘટનામાં મૃત્યુ પામેલા યાત્રીઓના આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને તેમના આત્માની શાંતિ માટે સોમનાથ મહાદેવના પવિત્ર મંદિર ખાતે શાંતિપાઠ અને મહાપૂજાનું



આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા મૃતકોના આત્માની શાંતિ માટે સંકલ્પ લઈને પૂજા સામગ્રી સોમનાથ મહાદેવના ચરણોમાં અર્પણ કરાઈ હતી. આ સામગ્રી દ્વારા પૂજારીઓ દ્વારા સોમનાથ મહાદેવની મહાપૂજા કરવામાં આવી હતી. દુઃખી પરિવારોને આ કપરી પરિસ્થિતિમાં ઈશ્વર સહનશક્તિ આપે તેવી પ્રાર્થના સાથે ટ્રસ્ટના પૂજારી તેમજ સ્થાનિક તીર્થ પુરોહિતો દ્વારા શાંતિપાઠ કરવામાં આવ્યા હતા. આ શોકની ક્ષણમાં સમગ્ર દેશ શોકગ્રસ્ત પરિવારજનોની સાથે ઊભો છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાદેવને પ્રાર્થના કરવામાં આવી હતી કે તેઓ નિધન પામેલાઓના આત્માઓને મોક્ષ પ્રદાન કરે તથા પરિવારોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.

**અમદાવાદમાંથી ૮૯૦ બાંગ્લાદેશી ઘૂસપેઠીઓ ઝડપાયા, સુરતમાં ૧૩૫ શંકાસ્પદ વિદેશી નાગરિકોની અટકાયત**

# પહેલગામ હુમલા બાદ રાજય સરકાર દ્વારા ઘૂસણખોરો સામે સર્જિકલ સ્ટ્રાઈક

અમદાવાદ,તા.૨૬

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાનના તમામ નાગરિકોને દેશ છોડવાનો આદેશ કર્યો છે. ત્યારે ગુજરાત પોલીસે પણ ઘૂસણખોરો પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. ૨૫ એપ્રિલની મોડીરાતથી અમદાવાદ અને સુરતમાં પોલીસે વિવિધ ટીમો બનાવી અલગ-અલગ વિસ્તારોમાં રેડ કરી હતી. આ કાર્યવાહીમાં મોટી સંખ્યામાં વિદેશી નાગરિકો ઝડપાયા છે, જેમાં મોટાભાગના બાંગ્લાદેશીઓ છે. અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચ, SOG, EOW, ઝોન-૬ અને પોલીસ હેડ કવાર્ટરની ટીમોએ મળીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં સવારના ૩ વાગ્યાથી ચંડોળા તળાવના આસપાસના વિસ્તારમાંથી કુલ ૮૯૦ લોકોની અટકાયત કરવામાં આવી છે. જેમાં ૪૭૦ પુરુષ અને બાકીના મહિલાઓ અને બાળકો છે. તમામ શંકાસ્પદ લોકોને દોરડા વડે કોર્ડન કરીને ક્રાઈમ બ્રાન્ચના ગ્રાઉન્ડમાં લઈ જવાયા હતાં. આવી જ રીતે સુરતમાં પણ ઘૂસણખોરોને પકડી પાડવાનું ઓપરેશન રાત્રિના ૧૨ વાગ્યાથી સવારની ૬ વાગ્યા સુધી હાથ ધરાયું હતું. સુરત પોલીસની ૬ ટીમ જેમાં ૨ DCP, ૪ ACP અને ૧૦ PI સહિત ૧૦૦ પોલીસકર્મીઓ હતા. આ ટીમોએ શહેરના ઉન, સચિન, લિંબાયત, લાલગેટ, સલાબતપુરા સહિતના વિસ્તારોમાં રેડ કરી



૧૩૫ શંકાસ્પદ વિદેશી નાગરિકોની અટકાયત કરી હતી. બાદમાં તમામને પૂછપરછ અને જરૂરી ડોક્યુમેન્ટની તપાસ માટે પોલીસ હેડ કવાર્ટર લઈ જવામાં આવ્યાં હતાં. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત પોલીસ કમિશનર કચેરીએથી રાજ્યના ડીઆઈજી સહિત જિલ્લા પોલીસ વડાઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મહત્વપૂર્ણ બેઠક કરી હતી. ગઈકાલ રાતથી આ સર્ચ ઓપરેશન ચાલુ છે જેમાં ૧૦ લોકો ગેરકાયદે રીતે બાંગ્લાદેશથી ઘૂસખોરી કરી ગુજરાતમાં અને રાજકોટમાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. હવે આ ૧૦ લોકોની પૂછપરછ કરી સરકારને રિપોર્ટ કરી ડિપોર્ટ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. આજ રોજ મળી આવેલ ૧૦ લોકો રાજકોટમાં છેલ્લા દોઢ-બે વર્ષથી આવ્યા હોવાનું અને અહીંયા છૂટક મજૂરીકામ કરતા હોવાનું સામે આવ્યું છે. આ લોકો બાંગ્લાદેશથી જંગલ મારફત પશ્ચિમ બંગાળ અને ત્યાંથી દિલ્લી મુંબઈ થઈ ગુજરાતમાં આવ્યા હોવાનું પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ સર્ચ ઓપરેશન હજુ ચાલુ રહેશે અને જો કોઈ લોકો પાસે આ પ્રકારના શંકાસ્પદ લોકો અંગે માહિતી હોય તો પોલીસને આપવામાં આવે તે માટે અપીલ કરવામાં આવી છે. વડોદરામાં ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં ઝોન-૪માંથી ૧૭૦ લોકોને ડિટેઈન કરાયા છે. ૭ મહિલાઓને સંધ્યાકાળ થતા પરત મોકલી દેવામાં આવી હતી. વેરિફિકેશન પ્રક્રિયા મોડી રાત સુધી ચાલશે. શંકાસ્પદ લોકોના મોબાઈલ પણ જપ્ત કરવામાં આવ્યા છે. જેના ડોક્યુમેન્ટ કમ્પ્લીટ હશે તેઓને છોડાશે બાકીનાને સ્કૂલમાં જ રાખવાની વ્યવસ્થા કરાઈ છે.

## રૂ.૧૫૦ કરોડની છેતરપિંડીના ગુનાના ૩ ફરાર આરોપીઓ જામનગર પોલીસની ઝપટે



જામનગર,તા.૨૬

ભારત સરકાર સાથે દોઢસો કરોડની છેતરપિંડી-બોગસ દસ્તાવેજ બનાવનાર તથા બોગસ હથિયાર લાઈસન્સના ગુનાના ૩ ફરાર આરોપીઓને જામનગરની એસ.ઓ.જી.એ વોચ ગોઠવી કચ્છમાંથી પકડી પાડ્યા છે, અને તેઓને જામનગર લઈ આવ્યા બાદ સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધા છે. એસ.ઓ.જી.ની ટીમ દ્વારા પકડી પાડી આરોપીઓ પાસેથી કુલ રૂપિયા ૧૫,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી મુદ્દામાલ જામનગર સીટી સી ડિવિ. પોલીસ મથક ખાતે સોંપી દેવાયો છે.

## ક્લિનિકલ રિસર્ચ કૌભાંડ મામલ વી.એસ. મેડિકલ સુપ્રિટેન્ડેન્ટનો દાવો, એસવીપી હોસ્પિટલમાં દર્દીઓનાં મોત થયા હતા

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત VS હોસ્પિટલમાં ક્લિનિકલ રિસર્ચ કૌભાંડ અંગે તત્કાલીન મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ મનીષ પટેલે દાવો કર્યો છે કે, ''મેં કોઈ કૌભાંડ કર્યું નથી. ક્લિનિકલ રિસર્ચ દરમિયાન જે ત્રણ મોત થયા હતા તે એસવીપી હોસ્પિટલમાં થયા હતા. લગભગ ૪૦ થી ૪૫ ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યા હતા અને જે ૬ કરોડ રૂપિયા રકમ જમા થઈ હતી વીએસ હોસ્પિટલના ખાતામાં થઈ હતી. મેં કે મારા કોઈ પરિવારનાં




ખાતામાં રકમ જમા નથી થઈ. બધા ટ્રાયલ કાયદેસર થયા છે. એથિક્સ કમિટીના નિયમ પ્રમાણે જ ક્લિનિકલ રિસર્ચ થયા છે.'' વીએસ હોસ્પિટલનાં મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. મનીષ પટેલે એથિક્સ કમિટી અને ક્લિનિકલ ટ્રાયલ અંગે પૂછપરછ કરતા જણાવ્યું કે, ૫૦ કિલોમીટરની રેડિયસમાં એમઓયુ કરી ક્લિનિકલ ટ્રાયલ કરાયા હતા અને એક પણ મોત એસવી હોસ્પિટલમાં થયું નથી તેમ સૂર રેલાવ્યો હતો. બધા મોત એસવીપી હોસ્પિટલમાં થયા છે. અમને એનએચએલ મેડિકલ કોલેજ તરફથી લેટર મળ્યો હતો અને ઉપરથી પરવાનગી લઈ તમામ ક્લિનિકલ ટ્રાયલ કર્યા હતા તેમજ ડો. દેવાંગ રાણાના ઉપરી અધિકારી તરીકે હું નહતો.

## રાજ્યમાં ગેરકાયદે રહેતા લોકો સામેથી પોલીસ સમક્ષ હાજર થાય : હર્ષ સંઘવી

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૨૬

પહેલગામ આતંકી હુમલા બાદ દેશમાં ગેરકાયદે રહેતા લોકોને ઓળખીને દેશની બહાર કરવાની ઝૂંબેશ મોટાપાયે શરૂ કરી દેવાઈ છે. જે અંતર્ગત અમદાવાદ પોલીસે ૮૯૦ અને સુરત પોલીસે ૧૩૪ લોકોની અટકાયત કરી છે. ગુજરાત પોલીસનું આ આજ દિન સુધીનું સૌથી મોટું ઓપરેશન છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે ગેરકાયદે રીતે ગુજરાતમાં રહેતા હોય તેઓ જાતે જ પોલીસ સમક્ષ હાજર થઈ જાય. નહીંતર કડક પગલાં લેવામાં



આવશે. હર્ષ સંઘવીએ કહ્યું કે આવા તમામ લોકો જાતે જ પોલીસ સમક્ષ સરેન્ડર કરે, નહીંતર ઘરે ઘરે જઈ પકડી ડિપોર્ટ કરવાનું કામ કરાશે. તેમણે કહ્યું કે ઘૂસણખોરને જે આશરો આપશે તેની સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ગુજરાતમાં તાપમાન વધતા અંગ દઝાડતી ગરમી, કેટલાક સ્થળોએ માવઠાની શક્યતા

અમદાવાદ,તા.૨૬

હવામાન વિભાગે આગાહી કરી છે કે એપ્રિલના અંત અને મે મહિનાની શરૂઆતમાં ગુજરાતમાં તાપમાન ૪૦ થી ૪૪ ડિગ્રી વચ્ચે રહેશે. શનિવારે રાજકોટમાં તાપમાન ૪૩ ડિગ્રી હતું, જ્યારે અમદાવાદ, અમરેલી અને ભુજમાં પારો ૪૧ ડિગ્રીને પાર કરી ગયો હતો. પવનની દિશા બદલાતાં ૨૭ એપ્રિલથી તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થવાની ધારણા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં ૮ રાજ્યોના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. આગામી બે દિવસ ભાર વરસાદની કોઈ શક્યતા નથી. ૧લી મેથી ૫ મે સુધી વાતાવરણમાં ઠંડક ફેલાશે. ઘણા વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ



પડશે. ઉત્તર ગુજરાતના પાટણ અને વાવ-થરાદ, કચ્છના રાપરમાં છુટાછવયા વિસ્તારોમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. રાજકોટનાં જસદણમાં ધુમ્મસભર્યું વાતાવરણ છવાયું છે. આટકોટ, જંગવડ સહિત વિસ્તારોમાં ધુમ્મસથી લોકોને ડબલ ઋતુનો અનુભવ થયો છે. સવારે ઠંડક અને બપોરે કાળજાળ ગરમીનો અહેસાસ થયો છે. બીજી બાજુ વાતાવરણમાં પલટો આવતાં ખેતીનાં પાકને મિશ્ર અસર થશે તેમ ખેડૂતોનું માનવું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન ઓછું રહેશે, પરંતુ ગરમ પવનોને કારણે ભીષણ ગરમી પડવાની શક્યતાઓ જણાઈ રહી છે.

## દેશ શોકમાં છે ત્યારે રાજકોટમાં પૂર્વ મુખ્યમંત્રીની પત્નીનો બર્થ ડે ઉજવાતા વિવાદ

રાજકોટ,તા.૨૬

દેશભરમાં મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી રહી છે. તેવામાં રાજકોટ શહેર ભાજપના વોર્ડ નંબર ૧ના મહિલા મોરચા દ્વારા પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણીના જન્મદિવસ નિમિત્તે કેક કટિંગ કરી ઉજવણી કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. આ કેક કટિંગ



સાથે ઉજવણીમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ પણ જોવા મળ્યા હતા. જો કે, આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા રાજકારણ ગરમાયુ છે. વિપક્ષ દ્વારા ઉલ્લેખ કરાયો છે

**સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાં રાજકારણ ગરમાયું**

કે, મોતનો મલાજો જાળવવો જોઈએ. તો દર્શિતાબેન શાહ દ્વારા તેઓ આ કાર્યક્રમથી અજાણ હતા અને શુભેચ્છા પાઠવવા ગયા ત્યારે ત્યાં બહેનો હાજર હતા, તેવું કહી લૂલો બચાવ કર્યો હતો.

## વડોદરા નજીક અકસ્માત સર્જાતા પિતા-પુત્રનું મોત, પત્ની ગંભીર

વડોદરા,તા.૨૬

વડોદરાના જબાણ ગામે કબીર ફળિયામાં રહેતા હરજીવન બારીયા ગઈકાલે ભાટ ગામે તેમના ભાણેજના લગ્નમાં મામેરૂ લઈને ગયા હતાં. આ ઉપરાંત લગ્ન પૂરા થતા તે પોતાના મોટા દીકરા અને પત્ની સાથે વહેલી સવારે ટુ-વ્હીલ પર પોતાના ગામમાં પરત ફરી રહ્યા હતાં. ત્યારે રસ્તામાં પૂરપાટ ઝડપે આવી રહેલા પીકઅપ




વાહને ટુ-વ્હીલને અડફેટે લીધું હતું. આ અકસ્માતમાં ત્રણેય રોડ પર ફંગોળાઈ ગયા હતા. જેમાં પિતા-પુત્રનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું અને પત્ની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બંને મૃતકોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જાંબુઘોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતનો ગુનો દાખલ કરી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## દાહોદમાં મનરેગા યોજના અંતર્ગત ૭૦ કરોડની ઉચાપત બદલ ૩૫ એજન્સીઓ સામે ફરિયાદ

(એચ.એસ.એલ),દાહોદ,તા.૨૬

દાહોદ જિલ્લામાં નકલી NA જમીન કૌભાંડ બાદ, ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન મનરેગા યોજના હેઠળ થઈ રહેલા કામોમાં ખોટા દસ્તાવેજો બનાવીને ગેરરીતિઓ આચરવામાં આવી છે. જેમાં રકમ ૭૦ કરોડ રૂપિયાની ઉચાપત થઈ છે. ગઈકાલે આ મામલે દાહોદ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે ધાનપુર અને દેવગઢ બારિયાની ૩૫ એજન્સીઓ સામે ગુનો નોંધ્યો છે. મળતા અહેવાલો મુજબ દાહોદ જિલ્લાનાં દેવગઢ બારિયા તાલુકાના કૂવા અને ધાનપુરના રેઢાણા અને સીમામોઈ સહિત ત્રણ ગામોમાં મનરેગાના કામોમાં માટી ધાતુનો રસ્તો, સીસી રોડ, ચેક વોલ, પથ્થરનો બંધ જેવા કામોમાં ફક્ત ઉપરછલ્લું કામ જ કરવામાં આવ્યું હતું. તેથી સમગ્ર જિલ્લામાં થઈ રહેલા કૌભાંડો પણ પ્રકાશમાં આવે તેવી શક્યતા છે. આ સમગ્ર કૌભાંડની તપાસ દાહોદ ડીવાય એસપી જગદીશ ભંડારીને સોંપાઈ છે.

## ધર્મ પૂછી લોકોને મારવામાં આવે એ ચિંતાની વાત : દ્વારકા પીઠના શંકરાચાર્ય



(એચ.એસ.એલ),દ્વારકા,તા.૨૬

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકનાં મોતની ઘટનાને દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ વખોડી કાઢી છે અને ચિંતા પણ વ્યક્ત કરી છે. શંકરાચાર્યએ કહ્યું હતું કે ભારત જેવા લોકતાંત્રિક દેશ માટે ચિંતાની વાત છે કે ધર્મવિશેષ લોકોને પૂછીપૂછીને મારવામાં આવે. પહેલગામ આતંકી હુમલા બાદ દેશભરના લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે.










